પાના -૮, કિંમત રૂ.૨, તા. ૨૩-૦૭-૨૦૨૫- બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૯૫ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

## બિહાર મતદાર યાદીમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનનો ઉગ્ર વિરોધ

# વિધાન સભામાં ખુરશીઓ ઉછળી, માર્શલોના કપડા ફાટયા

## ગૃહમાં આરજેડીના ધારાસભ્યો અને માર્શલો વચ્ચે ઝપાઝપી : ભારે તોફાન વચ્ચે સ્પીકરે ૬ વિધેયકો પાસ કરી સભા મોકુફ કરી દીધી

નવી દિલ્હી, તા. ૨૩

બિહાર વિધાનસભામાં ચોમાસું સત્રનો બીજો દિવસ પણ હંગામામય રહ્યો હતો. વિપક્ષ ધારાસભ્યોએ મતદાતા યાદીનાં યાદીનાં વિશેષ ઉંડા સંશોધન (એસઆઈઆર) અભિયાનનાં વિરોધમાં સંસદની બહાર દેખાવો કર્યા હતા.



સ્પીકર નંદકિશોર યાદવે જેવી ગૃહની કાર્યવાહી શરૂ કરી કે વિપક્ષી ધારાસભ્યો નારાબાજી કરવા લાગ્યા હતા અને એસઆઈઆર પર ચર્ચાની માંગ કરી પોસ્ટર લઈને સદનની વેલમાં પહોંચી ગયા હતા. વિપક્ષી ધારાસભ્યોએ ટેબલ પાડી નાખ્યા હતા.

આ દરમ્યાન હાજર માર્શલોએ ધારાસભ્યોને રોકવાની કોશીશ કરી તો ધારાસભ્યોએ રિપોટ'ગ ટેબલ પર ખુરશીઓ ફેંકી હતી જેના કારણે ધારાસભ્યો અને માર્શલો વચ્ચે ધકકામુકકી થઈ હતી.

આ હંગામા દરમ્યાન માર્શલોનાં કપડા પણ ફાટી ગયા હતો. આ પરિસ્થિતિમાં પણ સરકારે ૬ વિધેયક પસાર કરી નાખ્યા હતા. સ્પીકર નંદકિશોર યાદવે વિધાનસભા કાર્યવાહીને બુધવારે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગીત કરી નાખી હતી. રાષ્ટ્રીય જનતા દળનાં ધારાસભ્ય રણવિજય સાહુએ જણાવ્યું હતું કે મતદાતા પુનઃનિરિક્ષણ

અનુસંધાન પાના ૭ પર



# ધનબાદમાં કોલસાની ખાણ ધસી પડતા ૧૦ થી વધુ શ્રમિકોનાં મોત

### કેસરગઢમાં કોલસાની ખાણમાં ગેરકાયદે ખનન વખતે સર્જાયેલી દુર્ઘટના

નવી દિલ્હી, તા. ૨૩

ઝારખંડના ધનબાદ જિલ્લાના બાઘમારા બ્લોકના કેસરગઢ વિસ્તારમાં ગેરકાયદેસર કોલસા ખાણકામ દરમિયાન એક મોટી દુર્ઘટના બની. મંગળવારે મોડી રાત્રે BCCL બ્લોક ૨ ના શિવ મંદિર પાસે ખાણ ધસી પડતાં ૧૦ થી વધુ કામદારો ખાણ નીચે દટાયા હોવાની આશંકા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં ૧૦ થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે, પરંતુ વહીવટીતંત્ર દ્વારા હજુ સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. સામાજિક કાર્યકર સરયુ રોયે એક X પોસ્ટમાં આ અકસ્માત વિશે લખ્યું છે, "ધનબાદના બાઘમારામાં જામુનિયા નામના સ્થળે ગેરકાયદેસર ખાણકામ ખાણ ધસી પડવાથી મંગળવારે ૯ કામદારોના મોત થયા હતા." તેમણે પોસ્ટમાં આગળ લખ્યું છે, "ગેરકાયદેસર ખાણકામ માફિયા મૃતકોના મૃતદેહોનો નિકાલ કરવામાં વ્યસ્ત છે. મેં આ અંગે ધનબાદ SSP ને જાણ કરી છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, ચુંચુન નામનો ખાણકામ માફિયા પ્રભાવશાળી રક્ષણ હેઠળ ગેરકાયદેસર ખાણકામ કરી રહ્યો હતો."

અનુસંધાન પાના ૭ પર

# ઉપરાષ્ટ્રપતિ પદ માટે નીતિશ બાદ શશી થરુરનું નામ ચર્ચામાં

### અચાનક રાજીનામુ આપી દેવાના ધનખડના વલણ અંગે અનેક તર્ક વિતર્ક

નવી દિલ્હી, તા. ૨૩

ઉપરાષ્ટ્રપતિ પદેથી જગદીપ ધનખડના રાજીનામા સાથે જ તેમના અનુગામીની શોધ શરૂ થઈ ગઈ છે અને સરકાર ટુંક સમયમાં જ આ પદ પર નવા ચહેરાને સ્થાન અપાશે પરંતુ સુત્રોના જણાવ્યા મુજબ હાલ જે નામ ચર્ચાઈ રહ્યા છે તેમાં બિહારના મુખ્યમંત્રી નીતિશકુમાર કે કોંગ્રેસના સાંસદ શશી થરૂર સહિત કોઈને ઉપરાષ્ટ્રપતિ પદે તક નહી આપે અને માનવામાં આવે છે કે હવે સંઘ અને ભાજપ સાથે જેઓ ચુસ્ત રીતે જોડાયેલા હોય તેને જ આ પદ ઉપર બેસાડવા માટે નિર્ણય લેશે તે સંકેત છે.

બીજી તરફ ભાજપ આ તકનો ઉપયોગ આગામી સમયમાં રાજકીય દ્દષ્ટિએ પણ તેના માટે મહત્વપૂર્ણ બની જાય તે જોશે અને ધનખડના રાજીનામાનો કોઈ રાજકીય લાભ વિપક્ષને ન મળે તે પણ નિશ્ચિત કરશે જગદીપ ધનખડ અનેક વખત પોતાને ખેડુત પૂત્ર તરીકે ગણાવી ચૂકયા છે અને તેઓ રાજસ્થાનના જાટ સમુદાયમાંથી આવે છે અને ખેડૂત આંદોલન સહિતના મુદે પણ તેઓ સક્રિય રહ્યા છે.

તેથી ભવિષ્યમાં તેઓ કોઈ રીતે ભાજપ માટે ચિંતા બને તેવી સ્થિતિ ઉભી થવા દેશે નહીં. સુત્રોના જણાવ્યા મુજબ જે રીતે ધનખડે સુપ્રીમ કોર્ટ કરતા સંસદ સર્વોચ્ચ છે તેવા વિધાનો કર્યા હતા અને જસ્ટીસ વર્માના મુદે પણ સુપ્રીમ કોર્ટ સામે પ્રશ્ન ઉઠાવ્યા હતા તે તમામ પર સરકારને બીનજરૂરી વિવાદમાં નાખે તેવા હતા.

આ ઉપરાંત જે રીતે સુપ્રીમ કોર્ટે નેશનલ જયુડીશ્યલ એપોઈટમેન્ટ કમીશનને ફગાવી દીધુ તે સમયે સરકારે સુપ્રીમ કોર્ટનું વલણ અપનાવી લીધુ પરંતુ ધનખડ તે રીતે બોલી રહ્યા હતા અને સરકાર માટે પણ સંકોચ ઉભો કરતા હતા. તેમાં આ તક મળી ગઈ હતી.

અનુસંધાન પાના ૭ પર

# જેમના હાથમાં શાસન આવ્યું, તેઓ શોષક બની ગયા છે : ભાગવત

### લોકોને પરિવર્તન માટે તૈયાર રહેવા હાકલ કરતા આરએસએસ વડા

નવી દિલ્હી, તા. ૨૩

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના વડા મોહન ભાગવતે અભ્યાસક્રમમાં ફેરફારને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું કે ભારતને યોગ્ય રીતે સમજવાની અને રજૂ કરવાની જરૂર છે. હવે ભય વધી ગયો છે, કોઈને ખબર નથી કે આપણે આપણા ઘરોમાં સુરક્ષિત છીએ કે નહી.

ભાગવતે કહ્યું- આજે જે ઈતિહાસ શીખવવામાં આવે છે તે પશ્ચિમી દ્રષ્ટિકોણથી લખાયેલ છે. તેમના વિચારોમાં ભારતનું કોઈ અસ્તિત્વ નથી. ભારત વિશ્વના નકશા પર દેખાય છે, પરંતુ તેમના વિચારોમાં નહી. તેમના પુસ્તકોમાં, તમને ચીન અને જાપાન મળશે, પણ ભારત નહી.

RSS વડાએ કહ્યું, 'પ્રથમ વિશ્વયુદ્ધ પછી, શાંતિની વાતો થઈ, પુસ્તકો લખાયા અને રાષ્ટ્રસંઘની રચના થઈ, પરંતુ બીજું વિશ્વયુદ્ધ થયું. પછી સંયુક્ત રાષ્ટ્રની રચના થઈ, પરંતુ આજે પણ લોકો ચિંતિત છે કે ત્રીજું વિશ્વયુદ્ધ થઈ શકે છે.'

RSSના વડા મોહન ભાગવતે કાર્યક્રમમાં સંબોધન કરતા કહ્યું કે સમસ્યાઓ પર વધુ પડતી ચર્ચા ન કરવી જોઈએ. સમસ્યાઓની ચર્ચા કરવાથી માથું પાકી જાય છે, તેના

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાના ૨૬ રાજ્યોમાં ફરી કોરોનાના કેસ વધવા લાગ્યા

### કોરોનાનો નવો વેરિયન્ટ પ્રમાણમાં ઘાતક નથી

નવી દિલ્હી, તા. ૨૩

અમેરિકામાં સમરમાં કોવિડ-૧૯ના કેસમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. સેન્ટર્સ ફોર ડિસિઝ કંટ્રોલ એન્ડ પ્રીવેન્શનના ડેટા પ્રમાણે અમેરિકાના મોટા ભાગમાં કેસ વધી રહ્યા છે. ઓછામાં ઓછા ૨૬ રાજ્યો અને વોશિંગ્ટન ડીસીમાં કેસોની સંખ્યા હવે વધી રહી છે અથવા તો વધવાની શક્યતા છે.

અર્કાન્સાસ, હવાઈ, ઈલિનોય, આયોવા, ક્યટકી, નોર્થ કેરોલાઈના, ઓહાયો, પેન્સિલવેનિયા, ટેક્સાસ અને વર્જીનિયામાં કેસની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

જ્યારે અલાસ્કા, કેલિફોર્નિયા, ડેલવેર, ડિસ્ટ્રિક્ટ ઓફ કોલંબિયા, જ્યોર્જિયા, ઈન્ડિયાના, મેઈન, મેરીલેન્ડ, મેસેચ્યુસેટ્સ, મિશિગન, ન્યૂજર્સી, ન્યૂયોર્ક, ઓક્લાહોમા, સાઉત કેરોલાઈના, ટેનેસી અને વિસ્કોન્સિનમાં કેસ વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

કોવિડના નવા વેરિયન્ટ આવ્યા છે જેમાં એક વેરિયન્ટનું નામ નિમ્બસ અને બીજાનું સ્ટ્રાટસ છે, પરંતુ આ બંને અગાઉના વેરિયન્ટ

અનુસંધાન પાના ૭ પર

# યુક્રેન સામેનું યુદ્ધ રોકવા ટ્રમ્પને પુટિને દાદ ન દેતા અમેરિકાએ રશિયા નજીક મોરચો માંડયો

### અમેરિકીએ અણુશસ્ત્રો મોસ્કોથી માત્ર ૨૮૦૦ કીમીનાં અંતરે આવેલા બ્રિટનના એરફોર્સ બેઝ પર મોકલતા વિશ્વ યુદ્ધના ભણકારા

નવી દિલ્હી, તા. ૨૩

રશીયા-યુક્રેન વચ્ચેનું યુદ્ધ રોકવાના તમામ પ્રયાસો નાકામ બની રહ્યા છે. તેવા સમયે અંદાજીત ૧૭ વર્ષ બાદ પ્રથમ વખત અણુશસ્ત્રો બ્રિટનમાં મોકલતા હવે હાલત વધુ વકરવાના ભણકારા વાગવા લાગ્યા છે. અમેરીકા-રશીયા સીધા કાર્યક્રમમાં ઉતરે અને ત્રીજા વિશ્વ યુદ્ધની હાલત સર્જાવાની સ્થિતિ ઉભી થવાની દહેશત છે.

યુક્રેન સામેનું યુદ્ધ રોકવા ખુદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રયત્ન નિષ્ફળ ગયા પછી અમેરીકાએ અણુશસ્ત્રો બ્રિટનમાં મોક્લ્યા છે. ટારગેટેડ સ્ટ્રાઈકમાં ઉપયોગમાં લઈ શકાય તેવા બી૬૧ ૧૨ થર્મોન્યુકલીયર બોમ્બ એફ-૩૫ એ જેટ મારફત ન્યુ મેકસીકોથી બ્રિટનના રોયલ એરફોર્સ બેઝ પર મોકલવામાં આવ્યા હતા. ન્યુ મેકસિકો સ્થિત કિર્ટલેન્ડ એરફોર્સ મથક અમેરિકાનું મુખ્ય અણુમથક છે. જયાં અણુશસ્ત્રોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. અમેરિકાએ આ અણુશસ્ત્રો જયાં મોકલ્યા છે તે બ્રિટનનાં રોયલ એરફોર્સ બેઝથી મોસ્કોનું અંતર માત્ર ૨૮૦૦ કિલોમીટરનું છે જેને પગલે વૈશ્વિક સંકટ વકરવા સાથે ખતરનાક સ્તરે પહોંચવા તથા ત્રીજા વિશ્વ યુદ્ધની સ્થિતિ સર્જાવાની ભીતિ વ્યકત કરવામાં આવી રહી છે. ૨૦૦૮ પછી અમેરિકાએ પ્રથમ વખત પોતાના અણુશસ્ત્રોને દેશની બહાર મોકલ્યા છે. બ્રિટનનાં રોયલ એરફોર્સ બેઝ પર ૨૦૦૮ સુધી દાયકાઓથી અમેરીકી અણુશસ્ત્રો સચવાયેલા હતા તે પછી હટાવી લેવામાં આવ્યા હતા. હવે ફરી વખત ત્યાં અમેરીકી અણુશસ્ત્રો ખડકવામાં આવતા વૈશ્વિક સંકટ પેદા થઈ શકે. ખાસ કરીને રશીયા-

અનુસંધાન પાના ૭ પર

# અપશબ્દ બોલવામાં દિલ્હી ૮૦ ટકા સ્કોર સાથે દેશભરમાં પ્રથમ ક્રમે

### 'ગાલી બંધ ઘર' સર્વેમાં બીજા ક્રમે પંજાબ અને ઉત્તર પ્રદેશ ત્રીજા નંબરે

નવી દિલ્હી, તા. ૨૩

મહર્ષિ દયાનંદ યુનિવર્સિટીના પ્રોફેસર અને સેલ્ફી વિથ ડોટર ફાઉન્ડેશનના સ્થાપક ડો. સુનીલ જાગલાન દ્વારા ૧૧ વર્ષના લાંબા સમયગાળામાં કરવામાં આવેલા 'ગાલી બંદ ઘર' નામના અભિયાન હેઠળ કરેલા સર્વેમાં જાણવા મળ્યું હતું કે, અપશબ્દો બોલવામાં દેશમાં દિલ્હી ૮૦ ટકા સ્કોર સાથે પહેલા ક્રમાંકે છે.

૭૮ ટકા સાથે પંજાબ બીજા ક્રમાંકે, ૭૪ ટકા સાથે ઉત્તર પ્રદેશ ત્રીજા, ૬૮ ટકા સાથે રાજસ્થાન ચોથા અને ૬૨ ટકા સાથે હરિયાણ પાંચમા ક્રમાંકે છે. જ્યાં લોકો માતા, બહેન પુત્રી અપશબ્દોનો ઉપયોગ કરે છે અથવા સાંભળે છે.

મહારાષ્ટ્રમાં ૫૮, ગુજરાતમાં પંચાવન, પ્રદેશમાં ૪૮ ટકા અને ઉત્તારાખંડમાં ૪૫ ટકા લોકો અપશબ્દો બોલે છે. કાશ્મીરમાં અપશબ્દો બોલવાનું પ્રમાણ સૌથી ઓછું ૧૫ ટકા છે. સર્વેની ચોંકાવનારી વાત એ હતી કે ૩૦

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકામાં ભત પ્રેતના નામે ફ્રોડ ભારતીય જ્યોતિષ હેમંતની ધરપકડ

### વૃદ્ધ મહિલાએ બેંકમાંથી મોટી રકમ ઉપાડતા બેંક કર્મીએ પોલીસને જાણ કરી

નવી દિલ્હી, તા. ૨૩

અમેરિકાના ન્યૂયોર્કમાં ઈન્ડિયન જ્યોતિષ ૩૨ વર્ષના હેમંત કુમાર મુનેપ્પાની ૬૮ વર્ષની એક મહિલાને ભૂત-પ્રેતના નામે ડરાવીને તેમની સાથે હજારો ડોલરનું ફ્રોડ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે.

મહિલા જ્યારે મોટી રકમ ઉપાડવા માટે બેન્કમાં ગઈ ત્યારે બેન્કના સ્ટાફને શંકા જતા તેમણે પોલીસને જાણ કરી હતી અને પોલીસે તપાસ કરતા હેમંતનો છેતરપિંડીનો ખેલ સામે આવ્યો હતો. રિપોર્ટ મુજબ, એક સીનિયર સિટીઝન મહિલાને લાગતું હતું કે, ખરાબ આત્માઓ તેને ટાર્ગેટ કરી રહી છે. જેથી તેણે સાઉથ બ્રોડવેના અંજના સી નામની એક મહિલા જ્યોતિષ અને તેમને ત્યાં કામ કરતા હેમંત કુમારની સલાહ લીધી હતી. હેમંત કુમારે પોતે જ્યોતિષ હોવાનું જણાવી સિનિયર સિટીઝન મહિલાને કહ્યું હતું કે, જો તે પૈસા આપશે તો આત્માઓ સામે લડવાનો પાવર ખરીદી શકે છે.

હેમંતની વાતોમાં આવી ગયેલી સીનિયર સિટીઝન મહિલા તેને ૨૦,૦૦૦ ડોલર પહેલા જ આપી ચૂકી હતી. તે પછી તેણે વધુ પૈસાની માગણી કરી હતી. જેથી તે બેન્કમાં ૪૨,૦૦૦ ડોલર ઉપાડવા ગઈ હતી. તે સમયે હેમંત પણ તેની સાથે હતો. પરંતુ બેન્કના સ્ટાફને વૃદ્ધ મહિલા સાથે ફ્રોડ થઈ રહ્યું હોવાની શંકા જતા તેમણે પોલીસને જાણ

અનુસંધાન પાના ૭ પર

# સાબરમતી એક્સપ્રેસમાંથી રોકડા રૂ. ૧.૮૦ કરોડ જપ્ત

### ટ્રોલી બેગમાં ભરેલા રૂપિયા યુપીથી બિહાર લઈ જવાતા હતા

સારણ, તા. ૨૩

ગઈકાલે રેલવે સ્ટેશને જીઆરપીના ટ્રેનમાં ચેકીંગ દરમિયાન એક વ્યક્તિ પાસેથી અધધધ ૧.૮૦ કરોડની રોકડ મળી આવતા ખળભળાટ મચ્યો છે. પોલીસે આરોપી પાસે રોકડને લઈને દસ્તાવેજો માંગતા તે ન મળતા પોલીસે રોકડ હવાલાની માની જપ્ત કરી તપાસ હાથ ધરી છે. પુછપરછમાં આરોપી આ રોકડ યુપીથી બિહાર પહોંચાડી રહ્યો હોવાનો ખુલાસો થયો છે. પોલીસ સાબરમતી-દરભંગા એક્સપ્રેસ ટ્રેનમાં યાત્રીઓના સામાન ચેક કરી રહી હતી ત્યારે એક યાત્રી ટ્રોલી બેગ લઈને બેઠો હતો તેની ટ્રોલી બેગ ખોલીને તપાસ કરતા તેમાં રૂપિયાના બંડલો નજરે પડ્યા હતા. પૈસાના બારામાં પૂછતા તેણે ૧.૮૦ કરોડ રૂપિયા હોવાનું અને તેને ઝાંસીના છપરા સુધી લઈ જવાના હોવાનું કહ્યું હતું. રૂપિયાના બારામાં કોઈ દસ્તાવેજો રજૂ ન કરતા અને સંતોષકારક જવાબ ન મળતા પોલીસે આ રકમ જપ્ત કરી હતી અને આવકવેરા ઉપનિદેશક (તપાસ) યુનિટ-૨ વારાણસીને જાણ કરાઈ હતી.

# ભીખ પર નભવું છતાં આતંકવાદને પ્રોત્સાહન : પાક.નો ઉઘડો લેતુ ભારત

### યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ હરિશે કહ્યું- પાકિસ્તાન ભારનતે સલાહ ન આપે

નવી દિલ્હી, તા. ૨૩

વારંવાર આઈએમએફ પાસેથી લોન લેવાની ટેવ ધરાવતા અને આતંકવાદમાં ડુબેલા પાકિસ્તાને ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા હરિશે યુએનએસઆઈમાં જોરદાર ફટકાર લગાવી હતી.

ભારતના સ્થાયી પ્રતિનિધિ પર્વતનમી હરિશે. પાકિસ્તાની વિદેશ મંત્રી ઈશાક કારને જીબાતોડ જવાબ આપ્યો છે. ડારે ભારત પર આક્રમક વલણ અપનાવવા અને કાશ્મીરમાં માનવ અધિકારના હનન જેવા આરોપ લગાવતા હરિશે કહ્યું હતું પાકિસ્તાને પોતાનો ટ્રેક જોવો જોઈએ આતંકને લઈને




પાકિસ્તાનની જે નીતિ રહી છે. તે દુનિયામાં કોઈથી છુપી નથી.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પર્વતનેની હરિશે પાકિસ્તાન પર આકરા પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાન કટ્ટરતા અને આતંકવાદમાં ડૂબેલો દેશ છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની એક ચર્ચા દરમિયાન ભારતે આ નિવેદન આપ્યું. આ ચર્ચાનો વિષય હતો- 'વિવિધતા અને શાંતિપૂર્ણ રીતે વિવાદોનું

અનુસંધાન પાના ૭ પર

# બિઝનેસ માટે નોલેજ જોઈએ, પૈસો પૈસાને કમાય છે : ગિરીશ લુથરા

## ટેક્સટાઈલ ઉદ્યોગમાં ટકી રહેવા ઈનોવેશન કરવાની સલાહ આપતા ભરત ગાંધી

સુરત, તા.૨૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ગ્લોબલ ફેબ્રિક રિસોર્સ એન્ડ રિસર્ચ સેન્ટરના ઉપક્રમે સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપવાના હેતુથી તા. ૨૧થી ૨૬ જુલાઇ ૨૦૨૫ દરમ્યાન સાંજે ૫:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ટેક્ષ્ટાઇલ વીકનું આયોજન કરવામાં આવ્યું છે. સોમવાર, તા. ૨૧ જુલાઇના રોજ ટેક્ષ્ટાઇલ વીક અંતર્ગત મેનેજમેન્ટ ઓફ ટેક્ષ્ટાઇલ યુનિટ વિષે સેમિનાર યોજાયો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી ભરત ગાંધી ઉપસ્થિત રહયા હતા. જ્યારે નિષ્ણાત વકતા તરીકે લુથરા ગૃપના ચેરમેન શ્રી ગિરીશ લુથરાએ ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતના ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે પહોંચાડવા માટે નવા ઇનોવેટિવ ઉપક્રમો ખૂબ જ જરૂરી છે. ટેક્ષ્ટાઇલ વીક એ ઉદ્યોગપતિઓ, ડિઝાઈનરો અને યુવા ઉદ્યોગ સાહસિકો માટે મહત્વનું પ્લેટફોર્મ પુરું પાડી રહ્યું છે, જેનાથી તેઓ ટેકનોલોજી, નવા ટ્રેન્ડ્સ અને ગ્લોબલ માર્કેટની માંગને આધારે પોતાના વ્યવસાયને વધુ મજબૂત બનાવી શકે છે.

ફિઆસ્વીના ચેરમેન તેમજ ચેમ્બરના પૂર્વ પ્રમુખ શ્રી ભરત ગાંધીએ ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલના ડેવલપમેન્ટ વિષે વિસ્તૃત જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પહેલા ટેક્ષ્ટાઇલમાં નેચરલ ફાઇબર, કોટન, પ્યોર સિલ્ક અને જ્યુટ હતું. આ બધાના કોમ્બીનેશનથી એક વસ્તુ બનતી હતી. ત્યારબાદ ટેક્ષ્ટાઇલમાં પોલિએસ્ટર અને વિસ્કોસનો સમાવેશ થયો. ટેક્ષ્ટાઇલમાં ઇનોવેશન થતા ગયા અને બદલાવ આવતા ગયા. ટેક્ષ્ટાઇલ બિઝનેસની સાયકલ જુદા જુદા દેશોની સાથે સાથે જુદા જુદા સમાજમાં પણ ફરતી રહે છે, આથી તેમણે ઉદ્યોગ સાહસિકોને ટેક્ષ્ટાઇલમાં ટકી રહેવા માટે ઇનોવેશન કરવાની સલાહ આપી હતી.

શ્રી ગિરીશ લુથરાએ જણાવ્યું હતું કે, આજના સ્પર્ધાત્મક યુગમાં ટેક્ષ્ટાઇલ યુનિટનું સફળ સંચાલન માત્ર ઉત્પાદન પર આધારીત નહીં પણ પ્લાનિંગ, મશીનરીનું સમયસર મેઇન્ટેનન્સ, વર્કફોર્સની ટ્રેઇનીગ

અનુસંધાન પાના ૭ પર

# ગજેરા ગ્લોબલ સ્કૂલ ફુટબોલ રાજયકક્ષા સ્પર્ધામાં ઝળહળી

## સુરત શહેરની ટીમે તૃતીયક્રમ પ્રાપ્ત કર્યો

સુરત, તા.૨૩

ગજેરા ગ્લોબલ સ્કૂલના વિદ્યાર્થી ની ફૂટબોલ રાજ્ય કક્ષા સ્પર્ધામાં ઝળહળતી સિધ્ધિ. તારીખ ૧૨ થી ૧૫ જુલાઈ ૨૦૨૫ દરમિયાન ૩૪મી બલરામ ક્ષત્રિય જુનિયર ભાઈઓની રાજ્ય કક્ષાની સ્પર્ધાનું આયોજન ગુજરાત ફૂટબોલ એસોસિએશન દ્વારા વડનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ગજેરા ગ્લોબલ સ્કૂલનો વિદ્યાર્થી આર્યમન વિજયભાઈ વસાણી સુરત શહેરની ટીમમાં પસંદગી પામી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સુરત શહેરની ટીમ એ તૃતીય ક્રમ પ્રાપ્ત કરી સુરત શહેર તેમજ ગજેરા ગ્લોબલ સ્કૂલનું નામ રોશન કરેલ છે. જે બદલ શાળાના ટ્રસ્ટી શ્રી ચુનીભાઇ ગજેરા તથા આચાર્યશ્રી શ્રીમતી શ્વેતા પરિહાર તેમજ ગજેરા પરિવારે વિદ્યાર્થીને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.



# સાપુતારમાં વનરાજ છોટુભાઈ નાયકની પ્રતિમા મુકવા માંગ

## ઉચ્ચ સ્તરે રજૂઆત છતા સ્મારક અંગે યોગ્ય નિર્ણય લેવાતો નથી




નવસારી, તા.૨૩

૧૯૬૦ માં દ્વિભાસી થી મુંબઇ રાજયના વિભાજન વખતે ડાંગ પ્રદેશને મહારાષ્ટ્ર માં સમાવેશ કરવાના સધન પ્રયત્નો થયા હતા પણ સરદાર પટેલ અને જુગતરામ દવે વેડછી ની પ્રેરણાથી વર્ષ ૧૯૪૮ થી છોટુભાઈ નાયક અને ઘેલુભાઈ નાયકની બંધુ જોડીએ ડાંગમાં પ્રવેશી ડાંગ સ્વરાજ આશ્રમની સ્થાપના અને આદિવાસી ઉત્થાન માટે કરેલા કામોથી દિલ્હી સુધી પહોંચી રજુઆત કરી-૧૯૬૦ માં ડાંગ ગુજરાતને મળ્યુ-અપાવ્યું.ગુજરાત માટે આજે એકમાત્ર ગિરિમથક સાપઉતારા ના વિકાસ માટેનો સંકલ્પ-પ્રયત્નો તત્કાલીન ડાંગ જિલ્લા લોકલ બોર્ડના પ્રથમ પ્રમુખ શ્રી છોટુભાઈ નાયકે કર્યો.આજે તો આ ગિરિમથક ગુજરાતનું ગોરવ બન્યુ છે.આ ઈતિહાસ સાચવવા શ્રી સુરેશ દેસાઈ સીનીયર સીટીઝન સંસ્થા એ ૨૦૨૦ માં પ્રયત્નો કર્યા.ડાંગ જિલ્લા કલેકટરશ્રીને મળ્યા. મા.મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી ના સમયમાં પત્ર વ્યવહાર પણ થયા પછી આ બાબતે કોઈ પ્રગતિ ન થઇ.આ કાર્યવાહીમાં પ્રા.જશુભાઈ નાયક'ડાંગના ના વનરાજ છોટુભાઈ નાયક'' ના પુસ્તક માધ્યમે આજ સુધી પ્રસાર-પ્રચાર કરી રહ્યા છે. તાજેતરમાં રાજયના નાણામંત્રી ી કનુભાઈ દેસાઈની તા.૧૯.૦૭.૨૦૨૫ની નવસારીની મુલાકાત વખતે આ બાબતે એક નિવેદન પત્ર આપી ગિરિમથક સાપઉતારામાં આ વનરાજ છોટુભાઈ નાયકની પ્રતિમા મુકવા બાબતે-ઈતિહાસ સાચવવા વિનંતી પત્ર આપ્યો છે.



# કડોદરા-બારડોલી રોડ સ્થિત 'નૂરી પાર્ટી' છ વર્ષથી નિષ્ક્રીય

## માન્યતા રદ્દ કરવા સંબંધે જિલ્લા ચૂંટણી અધિકારીએ કારણદર્શક નોટિસ ફટકારી

સુરત, તા.૨૩

લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ના સેક્શન ૨૯-એ મુજબ સુરત જિલ્લાના ૧૦૨, કડોદરા-બારડોલી રોડ ખાતે આવેલી 'નુરી પાર્ટી' નામની રાજકીય પક્ષની નોંધણી કરાવેલ હતી. મુખ્ય નિર્વાચન અધિકારી-ગાંધીનગરના તા.૦૨/૦૭/૨૦૨૫ના પરિપત્ર અનુસાર ECIના અવલોકનને આધારે નુરી પાર્ટીએ છેલ્લા છ(૬) વર્ષમાં કોઈપણ પ્રકારની ચૂંટણીમાં હરીફ ઉમેદવાર તરીકે ભાગીદારી નથી નોંધાવી કે વર્ષ ૨૦૧૯થી કોઈ રાજકીય પ્રવૃત્તિ ન કરી હોવાથી 'નુરી પાર્ટી' તરીકે નોંધાયેલા પક્ષને રાજકીય પક્ષની યાદીમાંથી રદ કેમ ન કરવી એ સંબંધે દિન-૫ માં ખુલાસો કરવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો. સૌરભ એ નોટીસ ફટકારી છે. સમયમર્યાદામાં નોટીસનો ખુલાસો ન મળ્યેથી આ પાર્ટીની માન્યતા રદ કરવાની દરખાસ્ત નિર્વાચન અધિકારી-ગાંધીનગરને કરવામાં આવશે જેની ગંભીર નોંધ લેવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર-સુરતની જાહેર નોટીસ દ્વારા જણાવાયું છે.

# ૧૦૦માંથી ૨૫થી ૩૦ લોકોના મોત કાર્ડિયાક એરેસ્ટ તથા હાર્ટ એટેકથી થાય છેઃ ડો.રીમા

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ધ સાયલન્ટ થ્રેટ – અન્ડરસ્ટેન્ડીંગ એન્ડ પ્રિવેન્ટીંગ સડન કાર્ડિયાક ડેથ વિષે સેશન યોજાયું




સુરત, તા.૨૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સોમવાર, તા. ૨૧ જુલાઇ ૨૦૨૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે સંહતિ, સરસાણા ખાતે ધ સાયલન્ટ થ્રેટ – અન્ડરસ્ટેન્ડીંગ એન્ડ પ્રિવેન્ટીંગ સડન કાર્ડિયાક ડેથ વિષે સેશન યોજાયું હતું, જેમાં કિલનિકલ ડાયટિશ્યન એન્ડ ફંકશનલ મેડિસિન ડોકટર રીમા અગ્રવાલે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના સમયમાં કર્મચારીઓની ફિટનેસ અને આરોગ્ય એ દરેક ઉદ્યોગ અને સંસ્થાઓ માટે એક મૂલ્યવાન સંપત્તિ છે. અચાનક હાર્ટએટેકની ઘટનાઓમાંથી બચવા માટે કામકાજની જગ્યા પર નિયમિત હેલ્થ ચેકઅપ, ફિટનેસ અવેરનેસ અને ઈમરજન્સી રિસ્પોન્સની સુવિધા હોવી અનિવાર્ય છે. ઉદ્યોગ સાહસિકોએ પણ પોતાની સાથે કર્મચારીઓના આરોગ્યને પણ પ્રાથમિકતા આપવી જોઈએ, જેથી ઈન્ડસ્ટ્રીમાં ઉત્પાદકતા સાથે સાથે કર્મચારીઓની સુરક્ષા પણ સુનિશ્ચિત થઈ શકે. કિલનિકલ ડાયટિશ્યન એન્ડ ફંકશનલ મેડિસિન ડોકટર રીમા અગ્રવાલે જણાવ્યું હતું કે, સડન કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેક બંને વસ્તુ જુદી જુદી છે. હાર્ટ એટેકમાં હૃદયને ઓકિસજન યુકત લોહીનો સપ્લાય મળતો બંધ થઇ જાય છે ત્યારે હાર્ટ એટેક આવે છે. હાર્ટ એટેકમાં હાર્ટ બીટ ચાલુ હોય છે. જ્યારે કાર્ડિયાક એરેસ્ટમાં હાર્ટ બીટ બંધ થઇ જાય છે અને અચાનકથી વ્યકિતનું મૃત્યુ થઇ જાય છે. વધુ પડતો ઠંડો પરસેવો આવવો, હૃદયમાં દુઃખાવો થવો, ચકકર આવવા જેવા હાર્ટ એટેકના લક્ષણો છે. જો આવું થાય તો તુરંત મેડીકલ

અનુસંધાન પાના ૭ પર

# કાયદાકીય જાગૃતિ અને 'ગુડ ટચ, બેડ ટચ' સેમિનાર યોજાયો

## સુરક્ષિત દીકરી, જવાબદારી આપણા સૌનીઃ એસીપી મીની જોસેફ

સુરત, તા.૨૩

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સુરત પોલીસ અને વન સ્ટેપ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે મ્છજી સ્વામિનારાયણ વિદ્યામંદિર, અડાજણ ખાતે દીકરીઓની સુરક્ષા અને કાયદાકીય જાગૃતિને લઈને એક વિશેષ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં દીકરીઓને "ગુડ ટચ, બેડ ટચ" વિશે સમજાવવામાં આવ્યું હતું અને કાયદાકીય પાસાઓ અંગે જાગૃત કરવામાં આવી હતી.


આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે છઝ્ર મહિલા શ્રી મીની જોસેફ મેમ, એડવોકેટ ભરતભાઈ પંડિત અને મહિલા સુરક્ષા સમિતિના સભ્ય તેમજ પેરા લીગલ વોલેન્ટિયર સાથે સંસ્થાના ફાઉન્ડર રોનક ધ્રુવ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે દીકરીઓનેસ્વ-સુરક્ષા અને તેમના અધિકારો વિશે મહત્વપૂર્ણ માહિતી આપી હતી. શાળાના આચાર્ય શ્રીમતી વૃંદાબેન દેસાઈ અને સુપરવાઈઝર શ્રી ચિરાગભાઈ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર દીકરીઓને સુરક્ષિત અને જાગૃત બનાવવાના ઉમદા હેતુ સાથે યોજાયો હતો.

# ભરૂચ ક્રાઈમ બ્રાંચ દ્વારા રીઢા બાઈકચોરની ધરપકડ

અંકલેશ્વર, તા.૨૩

ભરૂચ ક્રાઇમ બ્રાન્ચના કર્મચારીઓને માહિતી મળી હતી કે અગાઉ વાહન ચોરીના ગુનાઓમાં પકડાયેલ સુનીલ નાયકા હાલ સ્પ્લેન્ડર મો.સા.નંબર GJ-16-BE-5905 લઈને અંકલેશ્વર મા ફરી રહ્યો છે જેથી ભરૂચ ક્રાઇમ બ્રાન્ચના કર્મચારીઓને માહિતી મળી હતી કે અગાઉ વાહન ચોરીના ગુનાઓમાં પકડાયેલ સુનીલ નાયકા હાલ સ્પ્લેન્ડર મો.સા.નંબર GJ-16-BE-5905 લઈને અંકલેશ્વર GIDC માં એશિયન પેઇન્ટ ચોકડી આસપાસ ફરે છે જેના આધારે પોલીસે વોચ ગોઠવતા આરોપીને ઝડપી પાડી તેની અટકાયત કરતા તેણે આ બાઈક ભડકોદરા નવી વસાહતમાંથી ચોરી કરી હોવાની કબૂલાત કરી હતી. પોલીસે આરોપી પાસેથી બાઈક કબ્જે કરી તેની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દશામાના વ્રત દરમ્યાન ભારતમાં રૂા.૨૫૦ કરોડથી વધુનો વેપાર



## જુલાઈ ૨૫ થી ૪ ઓગસ્ટ દરમ્યાન પરપ્રાંતના ભિખારીઓ મોટી સંખ્યામાં ગુજરાતમાં આવશે

રાજકોટ, તા.૨૩

સદીઓથી ભારતમાં અનેક ત્યૌહારો, ઉત્સવો, માન્યતાઓ, રિવાજો પ્રમાણે પોતાના પ્રાંત મુજબ આસ્થા પ્રમાણે ઉજવણી થાય છે. દેશમાં શ્રદ્ધા પ્રમાણે ઉજવણી કરવાનો સૌને હક્ક બક્ષેલો છે. છેલ્લા કેટલાક વર્ષોથી દશામાની ઉજવણીમાં કૌતુક ઉભું કરી, ચમત્કાર યેનકેન ધ્યાનાકર્ષણ કરી શ્રદ્ધાનો માહોલ ઉભો કરી લેભાગુઓ વેપાર સાથે રૂપિયા ખંખેરવાનું એકમાત્ર કારણ બની ગયું છે તેવો જાથાએ સર્વે મુજબ લોકોની જાગૃતતા માટે હકીકત મુકવામાં આવે છે. તેમાં દશામાના નામે મોટો કારોબાર અને પરપ્રાંતિય ભિખારીઓ કમાણી સાથે યેનકેન છેતરપિંડી કરતા હોવાનું બહાર આવ્યું છે. રાજયમાં શ્રાવણ માસ ઓગસ્ટથી કાર્તિક પૂનમ સુધી સાવધાની રાખવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ લોકોને અપીલ કરી છે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે, છેલ્લા ૨૩ વર્ષથી જોરશોર અને ઉન્માદથી દશામાની ઉજવણી થાય છે. તેમાં છેલ્લા વર્ષોમાં દશામાના વ્રતે જે હરણફાળ પ્રગતિ વિવિધ સ્વરૂપે તેમાં ચમત્કાર, વેપારે જે સ્થાન લીધું છે તે વિચારણીય છે. આ વ્રતમાં દશામાની મૂર્તિ તેનું વાહન સાંઢણી, તેના શ્રૃંગાલ, જરૂરી ક્રિયાકાંડના સાધનો, ઉપવાસ, કથાઓની ચોપડીઓ, યુટયુબ ઉપર જે રીતે પ્રચાર ખર્ચ અને વેચાણ થઈ રહ્યું છે તેનાથી સૌ કોઈ ચોંકી ઉઠશે. 'મા' દશામા હંમેશા પૂજનીય માતા શ્રદ્ધાળુઓ અને ધાર્મિક લોકો માટે

અનુસંધાન પાના ૭ પર



# સુરત ટેક્સટાઈલ પેકેજિંગ એસો.ની કારોબારી સભા મળી

## એસો.ના તમામ સભ્યો માટે ક્યુઆર કોડ જારી કરાયા

સુરત, તા.૨૩

સુરત ટેક્સટાઇલ પેકેજિંગ એસોસિએશનની કારોબારી બેઠક સાગર ટેક્સટાઇલ માર્કેટના બોર્ડ રૂમમાં યોજાઈ હતી. આ બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને નવા સભ્યો ઉમેરવા માટે રણનીતિ તૈયાર કરવામાં આવી હતી. આ ઉપરાંત, હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા અને પક્ષોના હિજરતને કારણે વ્યવસાયમાં થયેલા નુકસાનની ચર્ચા કરવામાં આવી હતી.

એસોસિએશનના પ્રમુખે તમામ પેકેજિંગ સભ્યોને QR કોડ જારી કર્યો હતો અને તેમને ઓનલાઇન સભ્યપદ ફી ચૂકવવા વિનંતી કરી હતી. ખજાનચી નરેન્દ્ર અગ્રવાલે આવક અને ખર્ચની વિગતો રજૂ કરી હતી, મહામંત્રી ઓમપ્રકાશ ગોયલ અને ઉપપ્રમુખ ગોપાલ પેડીવાલે પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.આજની બેઠકમાં ભવાની ભાઈ શર્મા અને અનિશ બંસલનો કારોબારી ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, શિવનાથ સૈની, આશિષ જૈન, નિર્મલ ચૌધરી, જગદીશ સૈની, મિલાપ જૈન સહિત ઘણા સભ્યો હાજર રહ્યા હતા.

## કતારગામથી કાજલ બારૈયા ગુમ

સુરત, તા.૨૩

કતારગામ પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૭/૦૭/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૨૯, રેલરાહત કોલોની, પિપલ્સ ચાર રસ્તા, કતારગામ (મૂળ રહે. ગામ-કંટાસર, જી-ભાવનગર), ખાતે રહતા મુકેશભાઇ બારૈયાના ૨૬ વર્ષીય પુત્રી કાજલ બારૈયા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે સફેદ ટોપ અને કાળી પેન્ટ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કતારગામ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## અમરોલીથી ગુમ આરતી સાંખટ લાપતા

સુરત, તા.૨૩

અમરોલી પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ ઘર નં.૫૦૧, શુભમ એપાર્ટમેન્ટ, શેરડી ધામ, પ્રભુનગર વિભાગ-૦૨, છાપરાભાઠા, અમરોલી (મૂળ રહે. ગામ-સમઢીયાળા, તા-રાજુલા, જી-અમરેલી) ખાતે રહતા રમેશભાઇ સાંખટના ૨૦ વર્ષીય આરતી સાંખટ ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે કાળી ટી-શર્ટ અને મરૂન નાઇટ ડ્રેસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયતથી અમ્રુતા નાઇક ગુમ

સુરત, તા.૨૩

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૮/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૮૯, ગેટ નં-૦૧, વિશ્રાંતી પાર્ક, લિંબાયત, ખાતે રહેતા તુલસીરામ નાઇકના ૨૦ વર્ષીય પુત્રી અમ્રુતા નાઇક ગુમ થયા છે. તેઓ શરીરે મજબૂત મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૯ ફૂટ છે. તેમણે વાદળી ટોપ અને કાળી લેગીસ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## ગોડાદરાથી રવિનાબેન સિસારા ગુમ

સુરત, તા.૨૩

ગોડાદરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૭/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.એ/૭૦૨, અનુપમ હાઇટસ, પ્રમુખ આરાણ્ય એપાટમેન્ટ પાસે, ગોડાદરા (મૂળ રહે. ગામ-બારપટોળી, તા.રાજુલા, જી.અમરેલી) ખાતે રહેતા નરસિંહભાઇ સિસારાના ૨૩ વર્ષીય પુત્રી રવિનાબેન સિસારા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌરવર્ણ અને ઊંચાઈ ૫.૪ ફૂટ છે. તેમણે બ્લેક નાઇટ વિયર પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ગોડાદરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## પુણાથી શિવાની બલદાણીયા ગુમ

સુરત, તા.૨૩

પુણા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૮/૦૬/૨૦૨૫ ના રોજ ઘર નં.૧૦૯, નેતલ સોસાયટી, વિક્રમનગર સોસાયટીની બાજુમા (મૂળ રહે. ગામ- બોરડી, તા.મહુવા, જી.ભાવનગર), ખાતે રહેતા વલ્લભભાઇ બલદાણીયાના ૨૧ વર્ષીય શિવાની બલદાણીયા ગુમ થયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે પીળી ટી-શર્ટ, કાળી નાઇટ પેન્ટ, ગુલાબી ચપ્પલ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા પુણા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

# સુરતી મોઢ વણિક સમસ્ત પંચ દ્વારા રાખી મેળો યોજાયો

સુરત, તા.૨૩

સુરતી મોઢ વણિક સમસ્ત પંચ સાંસ્કૃતિક કમિટી દ્વારા તારીખ ૧૯ જુલાઈ ૨૦૨૫ શનિવારના રોજ મોઢ વણિક ભવન પાલવાડી ખાતે મહિલા ઉત્થાન માટે ગૃહ ઉદ્યોગ કરતી બહેનોને પ્રોત્સાહન મળે તે હેતુથી સખી મેલા -૧નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સખી મેલા નું ઉદ્ઘાટન સુરત મહાનગરપાલિકાના પૂર્વ મેયર શ્રીમતી હેમાલીબેન બોઘાવાળા અને સમસ્ત પંચના પ્રમુખ શ્રી ધર્મેશ તમાકુવાળા એ કર્યું હતું. અને સાંસ્કૃતિક કમિટીના આ કાર્યને બિરદાવી ને આવા કાર્યક્રમો ભવિષ્યમાં કરતા રહો એવી શુભેચ્છા પાઠવી હતી. સખી મેલા માં ૭૦ જેટલા બહેનોએ પોતાના સ્ટોલ રાખ્યા હતા તથા ૧૦૦૦ થી વધુ વ્યક્તિએ ની મુલાકાત લીધી હતી સખી મેલા ને સફળ બનાવવા માટે સમસ્તપંચના સર્વે હોદ્દેદારો અને સાંસ્કૃતિક કમિટીના કન્વીનર અમીષા ગાંધી સહ કન્વીનર પીનકેશ વાણિયા વાળા, સ્મિતા મોદી દક્ષા ગાંધી સાથે સાંસ્કૃતિક સમિતિ ના દરેક સભ્યોએ ખૂબ જ જહેમત ઉઠાવી સખી મેલા ને સફળ બનાવ્યો હતો.

## સરકારી સહાયથી મળી નવી ઉડાન

# દેદવાસણ ગામના શિક્ષક દંપતિનો દિકરો મિલન પટેલ બન્યો પાયલોટ

## આદિજાતિ યોજનાનો સાર્થક ઉપયોગઃ કોમર્શિયલ પાયલોટ બની મિલને અન્ય યુવાનોને આપી પ્રેરણા

સુરત, તા.૨૩

રાજ્ય સરકાર આધુનિક યુગના નવયુવાનોને વિશ્વસ્તરે સફળ બનાવવા સતત પ્રયાસો કરી રહી છે. ખાસ કરીને આદિજાતિ વિસ્તારના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ માટે વિવિધ સહાય યોજનાઓ અમલી છે, જેથી યુવાનો આત્મનિર્ભર બને, સમાજ માટે આદર્શ બની દેશના વિકાસમાં નોંધપાત્ર ભાગીદારી નોંધાવી શકે. આવી જ એક પ્રેરણાત્મક યાત્રા છે,

અનુસંધાન પાના ૭ પર



# એકતાની મિસાલ- અરુણાચલનો દ્રી ફેસ્ટિવલ

ભારતના ઉત્તર પૂર્વમાં સ્થિત અરુણાચલ પ્રદેશની અપાતાની જનજાતિ દ્વારા મનાવવામાં આવેલ દ્રી ફેસ્ટિવલ અથવા દ્રી પર્વ એક લણણીનો તહેવાર છે અને એને લોકો હર્ષોલ્લાસથી ઊજવે છે. હકીકતમાં દ્રી ફેસ્ટિવલ એક કૃષિ પરંપરાનો લણણીનો તહેવાર છે. વાસ્તવમાં જે પાક છે તે સારો ઊતરે તેવી પ્રાર્થના કરવાનો પર્વ છે. આ વર્ષે જુલાઈમાં દ્રી ઉત્સવ મનાવવામાં આવ્યો, પરંતુ આની શરૂઆત જૂન મહિનાથી જ ચાલુ થઈ ગઈ હતી. અરુણાચલ પ્રદેશની અપાતાની સમુદાય આ દિવસે પોતાના પારંપારિક દેવતાઓને પ્રસન્ન કરવા માટે તેમજ સારો વરસાદ, સારો પાક અને લોકોના જીવનમાં સુખ અને શાંતિ આવે તેની પ્રાર્થના કરે છે. તેની સાથે સાથે આ પર્વ ખેતરોને જંતુઓથી બચાવવા માટે, અનાજની સારી ઊપજ સાથે તેને સુરક્ષિત રાખવા માટે, પાક, જનાવરો અને મનુષ્યમાં રોગો ન ફેલાય તથા સમાજમાં શાંતિ જળવાઈ રહે આ બધી જ આકાંશાઓ માટે આ પર્વ મનાવવામાં આવે છે. આ પરથી જણાય છે કે, ઉત્તર પૂર્વનો આદિવાસી સમાજ તેમની લોકમાન્યતાઓ અને લોકજીવન સાથે કેટલા ઉંડાણપૂર્વક જોડાયેલા છે.

આ પર્વની તૈયારીઓ ઓછામાં ઓછા એક મહિના પહેલાથી શરૂ કરવામાં આવે છે અને કોઈ ચોક્કસ જગ્યાએ આ ઉત્સવના કાર્યક્રમો ઘણા દિવસો સુધી ચાલે છે. એટલે કે, આ પર્વ કોઈ ચોક્કસ સમય માટે નથી હોતો, ઘણી વખત આ પર્વના કાર્યક્રમ ઘણા દિવસો સુધી ચાલે છે. આ પર્વમાં ચાર

જાતના લોકદેવતાઓને પ્રસન્ન કરવા માટે તેમનું આહ્વાહન અને તેમની પૂજા કરવામાં આવે છે. આમાં પહેલા દેવતા તામૂ છે. આ દેવતા પાકને કીટાણુઓથી બચાવે છે. બીજા દેવતાનું નામ મેતી છે, આ પાકને બીમારીઓથી બચાવે છે. ત્રીજા દેવતા દાનયી છે જે પ્રકાશ અને ઉર્વરતાના પ્રતીક છે એટલે કે, ભગવાન સૂર્ય છે. તથા આ દેવતાઓ સાથે એક દેવી પણ છે જેમનું નામ હર્નિયાંગ એટલે કે, વર્ષા અને જલની દેવી કહેવામાં આવે છે.







દ્રી ઉત્સવ મનાવવા માટે મહિના પહેલાથી અપાતાની જાતિના યુવા અને વૃદધો સહુ સાથે મળીને લાકડા, વાંસ, ફૂલો અને ધ્વજથી તે પૂજાસ્થળને ખૂબ સજાવે છે, જ્યાં બધાં દેવતાઓ અને એક દેવીની પૂજા કરવામાં આવે છે. આ પર્વની પૂરા ગામમાં સામૂહિક તૈયારી કરવામાં આવે છે અને આ પર્વમાં પહેરવા માટે એક વિશેષ પોશાક બનાવવામાં આવે છે. પૂજાના દિવસે સ્થાનીય પૂજારી ચોખાનાં ખેતરોમાં જઈ ત્રણેય દેવતાઓ અને દેવીની પૂજા કરે છે અને પૂજાની સાથે પશુબલિ આપવામાં આવે છે, પરંતુ હવે પતીકાત્મક બલિ આપવામાં આવે છે. આ દિવસે ગામના બધા જ લોકો અપોંગ એટલે કે, ચોખાથી બનાવેલી બિયરની સાથે જાત જાતના પકવાનોનું સેવન કરે છે અને આખો દિવસ નાચી અને ગાઈને આ પર્વ ઉજવે છે.વાસ્તવમાં આ પર્વ પરસ્પર એકતા અને ભાઈચારાનો સામૂહિક પર્વ છે. આ પર્વની સાથે પાક સૌથી વધારે થાય તેની પ્રાર્થના કરે છે અને તેને ઊજવે છે. આને ઊજવવાની ઘણી રીતો છે જેમકે, નૃત્ય, ગીત સંગીત, રમતનું આયોજન થાય છે, યુવાન છોકરાઓ કુશ્તી દ્વારા પોતાનું શોર્ય બતાવે છે. આમાં જ યુવાન છોકરા અને છોકરીઓ પોતાના માટે યોગ્ય જીવનસાથીની પસંદગી કરે છે. જે યુવાન કુશ્તી, તીરંદાજી અને રસાકસી જેવી પ્રતિયોગિતામાં સારું પ્રદર્શન કરે છે, તેના માટે ઘણી છોકરીઓ તરફથી લગ્નના માંગા આવે છે. આજ કારણોસર યુવકો આ પર્વમાં પોતાનું શૌર્ય બતાવવા માટે મહિનાઓ પહેલાથી જ તૈયારી શરૂ કરે છે જેથી આ અવસર પર યુવકો તેમની પ્રેમિકાને ખુશ કરી શકે અને આ પ્રદર્શન દ્વારા યુવકો પોતાની મનપસંદ પ્રેમિકા કે દુલ્હન મેળવી શકે.દ્રી ઉત્સવનું સાંસ્કૃતિક અને સામાજિક મહત્ત્વ ખૂબ વધારે છે. તે જ કારણે અપાતાની જનજાતિના લોકો તેમની લોકસંસ્કૃતિને જીવંત રાખે છે. આ પર્વ દ્વારા આખું ગામ એક સામાજિક માળખાનો એક હિસ્સો બની જાય છે. આવી રીતે જ ગામમાં સામાજિક એકતા બની રહે છે જેનાથી ભાઈચારો વધે છે. આ પર્વથી યુવાન ખેડૂત ખેતીના મહત્ત્વને સમજે છે .





# અનેક બીમારીમાં ગુણકારી છે લીલા શિંગોડાં

આપણાં આયુર્વેદમાં ભોજનને યોગ્ય માત્રામાં, યોગ્ય મોસમમાં, યોગ્ય સમયે ગ્રહણ કરવાના ખાસ નિયમો બનાવવામાં આવ્યા છે. જો આપ મોસમ પ્રમાણે અનાજ-શાકભાજી-ફળોનો ઉપયોગ કરો તો આપનું સ્વાસ્થ્ય બારે માસ તંદુરસ્ત રહે તેની ખાતરી આપવામાં આવે છે. ક્યારે શું ખાવું તેનો ખ્યાલ કઈ રીતે રાખી શકાય? તે માટે બજારમાં એક લટાર મારવી આવશ્યક બની જાય છે. આયુર્વેદના ગ્રંથમાંથી જાણકારી મેળવવી કે વડીલોની શિખામણ કે નુસખા કારગર હોય છે. માન્યું કે બજારમાં હવે બારેમાસ મોટાભાગના ફળ-શાકભાજી મળી રહે છે. તેમ છતાં મોસમી ફળની ઓળખ આપ બજારમાં એક લટાર મારવાથી મેળવી લેશો. શિંગોડા બે પ્રકારના મળે છે. એક સૂકા જેનો ઉપરી રંગ કાળો હોય છે. બીજા લીલા જેનું બહારી પડ લીલું હોય છે. અંદરથી તે સફેદ રંગના જ હોય છે, પરંતુ સ્વાદમાં થોડી મીઠાશ ધરાવે છે. ચોમાસામાં ખાસ મળે છે. કુદરતે અન્ય ફળોની સરખામણીમાં શિંગોડાનો જરા હટકે આકાર બનાવ્યો છે. 'ત્રિકોણ' જેથી સંસ્કૃતમાં તેને 'ત્રિકોણફળ' કહેવામાં આવે છે. હૃદયનો આકાર ધરાવતું શિંગોડાનું ફળ દેખાવમાં મનમોહક લાગે છે. તળાવમાં ઊગતાં હોવાથી તેને 'જળફળ' કહેવામાં આવે છે.

શિંગોડાનું વાનસ્પતિક નામ ટ્રાપાનટાન્સ કિસ્મ બાઈસ્પાઈનોસા છે. અંગ્રેજીમાં તેને વૉટર ચેસ્ટનટ કે વૉટર કેલટ્રોપસ્ કહેવામાં આવે છે. શિંગોડાને ભારતની અન્ય ભાષામાં વિવિધ નામે ઓળખવામાં આવે છે. જેમ કે હિન્દીમાં સિંઘાડા કે સિંહાડા, તમિળમાં ચિમકારા, તેલુગુમાં કુબ્યક્મ, બંગાળીમાં પાનિફલ, કન્નડમાં સગાડે, ઓરિયામાં પાની સિંગાડા, પંજાબીમાં ગૉનરી, મરાઠીમાં સિઘાડે કે સિંગાડા, મલયાલમમાં કરીમપોલમ, ઉર્દૂમાં સિંઘારા.

શિંગોડાની તાસીર જોઈએ તો મધુર, ઠંડી, વાત-પિત્તને ઘટાડનારી, કફને દૂર કરનારી, રૂચિ વધારનારી, મોટાપાને દૂર કરનાર, વીર્યને વધારનાર તથા ઘટ્ટ બનાવનારી, હાડકાંને મજબૂત બનાવનારી ગણાય છે.

૧૦૦ ગ્રામ શિંગોડામાં સમાયેલાં પોષક તત્ત્વોની વાત કરીએ તો તેમાં કેલરીની માત્રા ૧૩૧ ગ્રામ, સોડિયમ ૨૭ મિલિગ્રામ, પોટેશિયમ ૭૧૫ મિલિગ્રામ, કુલ કાર્બોહાઈડ્રેટની માત્રા ૨૮ ગ્રામ સમાયેલી જોવા મળે છે. તેમાં વિટામિન સી, વિટામિન ડી, વિટામિન બી-૬, આયર્ન, કેલ્શિયમ, મેગ્નેશિયમ, કોબાલામિન તથા પ્રોટીનની માત્રા ૨ ગ્રામ જેટલી હોય છે. ઍન્ટિ-ઓક્સિડન્ટના ગુણોથી ભરપૂર હોવાને કારણે તેનું સેવન કરવાથી ફ્રી-રેડિકલ્સથી બચાવે છે.

લીલા શિંગોડાના સ્વાસ્થ્યવર્ધક લાભ શરીરની નબળાઈને દૂર કરવામાં ગુણકારીઃ

અનેક વખત મોસમમાં બદલાવને કારણે કે ભોજનમાં અરૂચિ, અનિયમિતતા કે પછી અત્યંત કડક રીતે ઉપવાસ કરવાથી શરીરમાં નબળાઈ આવી જાય છે. આવા સંજોગોમાં લીલા શિંગોડાનું સેવન ગુણકારી ગણાય છે. કેમ કે શિંગોડામાં ફેટનું પ્રમાણ હોતું નથી. તેમાં સારા પ્રમાણમાં પોટેશિયમના ગુણો તથા આયર્નના ગુણો સમાયેલાં છે જેથી તેનું સેવન કરવાથી શરીરને સ્ફૂર્તિ મળી જાય છે.


શરીરના સોજા માટે લાભદાયીઃ શિંગોડામાં ફાઈસેટિન, ડાયોસ્મેટિન, લ્યૂટોલિન, ટેક્ટોરિજિનિનની સાથે ઍન્ટિ—ઑક્સિડન્ટ સમાયેલું છે. જે શરીરમાં ડેડ સેલ્સની મરામત કરીને સોજાને ઘટાડવામાં મદદ કરી શકે છે.હ્રદયની તંદુરસ્તી માટે ગુણકારી : ૧૦૦ ગ્રામ શિંગોડામાં પોટેશિયમનું પ્રમાણ ૭૧૫ મિલીગ્રામ હોવાને કારણે બ્લડપ્રેશરને ઘટાડવામાં બહુ ઉપયોગી ગણાય છે. વળી સોડિયમની અસરને ઘટાડે છે. જેથી બ્લડપ્રેશર ઘટે છે. વળી ખરાબ કૉલેસ્ટ્રોલના પ્રમાણને ઘટાડવામાં સહાયક બને છે. તેથી જ હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે હૃદય આકારના શિંગોડાના ફળનું સેવન અત્યંત ગુણકારી ગણાય છે. માનસિક તાણ ઘટાડવામાં મદદરૂપ : શિંગોડાનું સેવન કરવાથી માનસિક તણાવ અમુક હદ સુધી ઘટે છે. તેનું મુખ્ય કારણ શિંગોડામાં વિટામિન બી-૬ની માત્રા વધુ છે. જે માનસિક તાણ તથા વ્યક્તિના મનોભાવને સુધારવામાં મદદ કરે છે. તેમજ ગાઢ નિંદર લાવવામાં ગુણકારી ગણાય છે. કેન્સરના ખતરાને ઘટાડે છે: શિંગોડામાં ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા વધુ હોય છે. જે શરીરને ફ્રી-રેડિકલ્સની સામે લડવામાં મદદ કરી શકે છે. વળી જર્નલ ઑફ ફૂડ સાયન્સમાં પ્રકાશિત એક અહેવાલ મુજબ શિંગોડાનું સેવન ફ્રી-રેડિકલ્સના પ્રભાવને ઘટાડવામાં ઉપયોગી હોવાથી કેન્સર જેવી ગંભીર બીમારીના ખતરાથી બચાવે છે. પાચનતંત્રને સુધારે છે : શિંગોડામાં ફાઈબરનું પ્રમાણ ભરપૂર હોય છે. જે પાચનક્રિયાને સુધારવામાં મદદ કરે છે. તેથી જ શિંગોડાને ખાવાથી અપચાની તકલીફથી છુટકારો મેળવી શકાય છે. પેટ સંબંધિત સમસ્યા ધરાવતાં દર્દી માટે શિંગોડાનું સેવન અત્યંત લાભદાયક ગણાય છે. પ્રજનન શક્તિ તથા હૉર્મોનલ સમતુલનને સુધારવામાં ગુણકારી : શરીરનું હૉર્મોનલ બેલેન્સ અસંતુલિત બને ત્યારે શરીરમાં અનેક સમસ્યા ઊભી થાય છે. શિંગોડાનું સેવન કરવાથી તેમાં સુધારો લાવી શકાય છે. પ્રજનન શક્તિ વધારવામાં શિંગોડાનું સેવન લાભકારક ગણાય છે. કાચા શિંગોડામાં ઍન્ટિ-ઓક્સિડન્ટ, વિટામિન તથા ખનીજ પર્યાપ્ત પ્રમાણમાં સમાયેલું છે. જે પ્રજનન શક્તિને વધારવામાં તથા હૉર્મોનલ સંતુલનને સુધારવામાં ગુણકારી ગણાય છે.

શિંગોડાની ખેતી ભારતમાં બિહાર, પશ્ર્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, ઓરિસ્સા, ઝારખંડ વગેરે રાજ્યોમાં મોટા પ્રમાણમાં કરવામાં આવે છે. શિંગોડા માટે એવું કહેવાય છે કે તે ફ્કત છ માસમાં ખેડૂતને મોટો લાભ કરાવી આપે છે. તેની ખેતી માટે તળાવ, જળાશયો કે ૨-૩ ફૂટ પાણી ભરાયેલું રહેતું હોય તેવું સ્થળ ઉત્તમ ગણાય છે. કેમ કે શિંગોડાની ખેતી માટે કીચડયુક્ત તળિયું વધુ સારો પાક મેળવવામાં મદદ કરે છે. વેલાને ફેલાવાની પૂરતી જગ્યા મળી રહે તો પાક વધુ મેળવી શકાય છે. હાલમાં તો ખેડૂતો શિંગોડાની સાથે મખાણા તથા માછલી પાલન એકસાથે કરીને ત્રણેમાંથી કમાણી કરી લે છે. લીલા, લાલ જાંબુડી રંગના મિશ્રણ ધરાવતાં શિંગોડા ભારતમાં પાકે છે. જેમાં કાનપુરી, જૌનપુરી, દેશી મોટા, દેશી નાના વગેરે પ્રકાર જોવા મળે છે.

## શિંગોડાંનું સલાડ

સામગ્રીઃ ૧ મોટો બાઉલ લીલા તાજા શિંગોડા, ૧ મોટો બાઉલ કાકડી, ૨ ચમચી શેકેલી સિંગ, મરી પાઉડર સ્વાદાનુસાર, ૧ ચમચી ખાંડ, ૧ ચમચી લીબુનો રસ, સ્વાદાનુસાર સંચળ.બનાવવાની રીતઃ સૌ પ્રથમ લીલા શિંગોડાને છોલીને બે ટૂકડામાં કાપી લેવાં. તેને બરફના પાણીમાં રાખવા. કૂણી કાકડીના એક સમાન ટુકડા કરી લેવાં. હવે એક બાઉલમાં કાપેલાં શિંગોડા તથા કાકડી લેવી. તેમાં શેકેલાં શિંગદાણા ભેળવવાં. ઉપરથી ખાંડ, લીબુનો રસ, સંચળ પાઉડર તથા મરી પાઉડર ભેળવીને બરાબર હલાવી લેવું. સ્વાદિષ્ટ શિંગોડા-કાકડીનો સલાડ ઠંડો સર્વ કરવો.

# નિરોગી જીવનના ત્રણ સ્થંભ






ગયા અઠવાડિયે આપણે ચર્ચા કરી કે 'શું શરીર સ્વયં નિરોગી રહી શકે ખરું?' આપણે એ પણ જાણ્યું કે પરમાત્માએ માનવ શરીરનું બંધારણ જ એ રીતે ઘડ્યું છે કે આપણું શરીર જો કુદરત સાથે બરાબર તાલમેલ મેળવે તો એ સ્વયં સ્વસ્થ રહી શકે.

### હવે એ ચર્ચા-વાત આગળ વધારીએ

આજે આપણા સહુમાં ધીરજતાનો ખૂબ જ અભાવ જોવામાં આવે છે. એટલું જ નહિં, પરંતુ તે ગુણ મનાય છે. ધીરજતાની આ ખામીને 'આપણને સમયની ખૂબ જ કિંમત છે,' એવા બહાના નીચે સારી રીતે પોષણ કરતા હોઈએ છીએ. આપણે ઓછા સમયમાં વધુ ફાયદા લેવા ઈચ્છતા હોઈએ છીએ. પરિણામે પાયા વગરની ઈમારત ઊભી કરવામાં જ રસ ધરાવીએ છીએ.

સ્વાસ્થ્યની બાબતમાં પણ આપણે તેવી જ ભૂલ કરતા હોઈએ છીએ. પૂર્વ સાવધાની રાખવાને બદલે બીમાર થયા બાદ દવાઓ ખાઈને ઝડપથી સાજા થવા ઈચ્છીએ છીએ. આપણને બીમારીને મૂળમાંથી નાબૂદ કરવાને બદલે માત્ર તેના બાહ્ય ઉપચારો કરીને જ સ્વસ્થ રહેવાની દાનત હોય છે. અંગ્રેજીમાં કહેવત છે કે,

'"Prevention is better than cure...'

અર્થાત્ રોગ થયા પછી તેનો ઉપચાર કરવા કરતાં તે રોગ ન જ થાય તેવી કાળજી રાખવી શ્રેષ્ઠ છે. તે હેતુને ધ્યાનમાં રાખીને અહીંયા નિરોગી રહેવાના મૂળભૂત પાયાના ત્રણ સ્થંભોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેને અનુસરવાથી આપણે પ્રાયઃ આજીવન દવા વિના નિરોગી, સ્વસ્થ અને સદા આનંદમાં રહી શકીશું.

### આહાર

આહાર એ વ્યક્તિના શરીર અને વિચારો(મન)નાં નિર્માણનું પ્રથમ પગથિયું છે. 'આહાર એ જ ઔષધ' એ ન્યાયે આહાર જ મનુષ્યના શરીરની સ્વસ્થતા અને અસ્વસ્થતાનું મુખ્ય કારણ છે. જો આપણને આહાર કેટલો લેવો, ક્યારે લેવો, કેવી રીતે લેવો, અને કેવા ભાવ સાથે લેવો, આટલું જ્ઞાન સમજાઈ જાય અને આચરણમાં લેવાય તો દવાઓ વિના જ સ્વસ્થ જીવન જીવી શકાય છે. હવે આપણે ઉપરોક્ત પ્રશ્નોના ઉકેલો મેળવી જીવન સ્વસ્થતાપૂર્વક જીવવાનો પ્રયત્ન કરીએ.

### હંમેશાં માપસર જમવુંઃ

આપણે સહુ સારી રીતે જાણીએ છીએ કે, 'યોગ્ય માત્રામાં જમવું એ નિરોગી રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે.' પરંતુ આપણને જમતી વેળાએ 'કેટલું જમવું' તે બાબતનો વિવેક રહેતો નથી. મોટા ભાગના લોકોને 'ભૂખ લાગી છે એટલે જમવું.' બસ, આટલી જ ખબર પડે છે, પરંતુ પેટ એ કચરાપેટી નથી કે, તેમાં ગમે તે વસ્તુ, ગમે તે પ્રમાણમાં નાખી દેવાય.અષ્ટાંગહૃદયમાં કહ્યું છે કે,દરેકે સર્વદા માપ પ્રમાણે ખાવું-પીવું જોઈએ. કેમ કે, માપસર ખાવા-પીવાથી જ જઠરાગ્નિ પોતાનું પચાવવાનું કામ કરી શકે છે.

વળી અષ્ટાંગહૃદયમાં એમ પણ કહ્યું છે કે, માત્રા એને કહેવાય કે જેટલું ખાવાથી સુખપૂર્વક પચી જાય. જોકે, ઘણીવાર આપણે પેટમાં એટલું બધું ઠાંસી ઠાંસીને ભરતા હોઈએ છીએ કે તે આહારથી જ પેટનો જઠરાગ્નિ ઓલવાઈ જાય છે. આપણે એવી માન્યતામાં જીવતા હોઈએ છીએ કે, જે કાંઈ જમીએ છીએ તે પચી જાય છે. ના, પાચનશક્તિને લાંબા સમય સુધી સતેજ રાખવા માટે હંમેશાં પાચનશક્તિની મહત્તમ ક્ષમતા કરતાં ઓછું જ જમવું જોઈએ એ જ સાચું ડહાપણ છે. જેમ ચૂલામાં વધુ લાકડાં નાખવાથી અગ્નિ ઓલવાઈ જાય છે, તેમ જ પેટ ભરીને જમવાથી જઠરાગ્નિ મંદ પડી જાય છે.

### અષ્ટાંગહૃદયનું કથન છે કે,

જમતા સમયે હંમેશાં પેટના ચાર ભાગ કરી બે ભાગ અન્નથી ભરવા, એક ભાગ પ્રવાહીથી અને એક ભાગ હવા વગેરે માટે ખાલી રાખવો.

# કેલ્શિયમ ઘટવાનું કારણ એસીડીટી છે

વિશ્વભરમાં અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓ સામાન્ય બની ગઈ છે. જેમાં જીવનશૈલીની પસંદગીઓ ખરાબ સ્વાસ્થ્ય માટે જવાબદાર પરિબળો છે. પછી ભલે અતિશય ખાવું અપ્રાકૃતિક ખાવું, વધુ પડતું સંકુચિત આહાર, ઊંઘનો અભાવ, વધુ પડતું વ્યસનનું સેવન અનિયમિત રીતે ખાવાની આદત, બળતરા કરનારા ખોરાક, કેમિકલયુક્ત આહાર અને નિષ્ક્રિયતા પણ સ્વાસ્થ્ય સમસ્યા માટે જવાબદાર છે. વ્યક્તિગત સ્વાસ્થ્ય પણ વ્યક્તિના જીવનના સામાજિક માળખા પર આંશિક રીતે આધાર રાખે છે. જે વ્યક્તિ પોતાના સ્વાસ્થ્ય વિશે અવલોકન કરે છે અને અપનાવે છે તે પોતાના સ્વાસ્થ્યને મજબૂત કરી શકે છે.લગભગ વિશ્વની મોટા ભાગની વસતિ આજે એસીડીટીથી પીડાય છે. એસીડીટીથી પીડિત લોકો ખોરાક ખાધા પછી અન્નનળીના ભાગમાં દુઃખાવો, ખાટા ઓડકાર, પેટમાં બળતરા, અપચો, કબજીયાત વગેરેથી પીડાય છે. આને જ એસીડીટી ગણે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે આ કારણો સામાન્ય છે પણ એસીડીટી એ બધા જ રોગોનું મૂળ છે. આંતરિક બધા જ દુખાવાથી લઈ મોટા તીવ્ર પ્રકારના રોગ એ બધા જ એસીડીટીનું જ કારણ છે. બાહરથી કાંઈ વાગવું કે અકસ્માતના લીધે કોઇ તકલીફ એ આમાં સામેલ નથી.એસીડીટી ને જો સમય રહેતાં દૂર ન કરી તો સૌથી મોટી વ્યાધિ તે કેલ્શિયમનું બગડી જવું કે ખોરવાઇ જવું તે છે. કેલ્શ્યિમ બગડી જતા કે તેની તીવ્ર અછત એસીડીટીને કારણે જ થાય છે. કેલ્શિયમ શરીરનો વિકાસ કરવા માટે મદદ કરે છે. જે હાડકાં, માંસપેશી દાંત, નખ અને વાળને મજબૂત બનાવવા માટે જરૂરી છે. તેમ જ વિટામિન-ડી અને કેલ્શ્યિમ એકબીજાના અવશોષણ માટે જરૂરી છે. શરીરના અંદરનાં અવયવોનું સ્વાસ્થ્ય તેમ જ બહારના સંક્રમણથી લડવા માટે કેલ્શિયમ જરૂરી છે. અકસ્માત કે માનસિક બીમારી વખતે કેલ્શિયમની જરૂરિયાત પડે છે. શરીર દરરોજ અંદાજે ૨૦૦મી ગ્રામ જેટલું કેલ્શિયમ પેશાબ વાટે શરીરની બહાર ફેંકી દે છે.



એસીડીટી થવાનાં કારણોમાં જોઇએ તો આ કારણો લગભગ બધા જ જાણે છે. અતિ ભારે ખોરાક ખાવો, કોલ્ડ્રીક, દારૂ, તંબાકુ, ટૂથપેસ્ટ વનસ્પતિ ઘી (નકલી ઘી) માં બનતાં બિસ્કિટ, કેક, નાનખટાઇ, ખારી, ટોસ્ટ, આઇસક્રીમ, ક્રીમ બિસ્કીટ, બ્રેડ, સાકર એ સૌથી મોટું કારણ છે એસીડીટીનું. સાકર બનાવતી વખતે ફાર્માલ્ડિહાઇડ (જંતુનાશક દવા)નો ઉપયોગ અને બીજા ઘાતક કેમિકલો. આ રસાયણો શરીરમાં જતાં જ તીવ્ર એસીડીટી થાય છે. કોલ્ડ્રીકમાં ફોસ્ફોરીક એસિડનો વપરાશ થાય છે. જે હાડકાંને પણ નબળા કરી નાખે છે. વનસ્પતિ ઘીમાં બનતાં ફરસાણ-ફરસાણમાં સોડાનો ઉપયોગ. આ બધાના કારણે એસીડીટી થાય છે. એસીડીટીને દૂર કરવા વપરાતી એન્ટાસીડ દવા જે શરીરનું કેલ્શિયમ ખોરવી નાખે છે.

દવાના કારણે જઠરમાં એસિડનો સ્ત્રાવ વધતો જાય છે. પરિણામ સ્વરૂપ અપચન, ખાટા ઓડકાર, બળતરા વધી જતાં તે અલ્સરમાં રૂપાંતરિત થઇ જાય છે. એસિડનો સ્ત્રાવ વધતાં શરદી, ઉધરસ, કાનમાં દુખાવો, ટોન્સિલ્સ, સાયનસ બહેરાપણું વગેરે એસીડીટીને લીધે જ થાય છે. ઘણીવાર લોકો કહે છે કે અમે અમુક ફળ ખાધા કે ભીજાયા, કે વાયરલના કારણે શરદી થાય છે. આ તદ્દન ખોટું છે. એસિડના વધુ સ્ત્રાવને લીધે આંખમાં પાણી આવે છે. કારણ એસીડીટીના કારણે લોહીનો પી. એચ. બગડતાં આંખના ડોળાની અંદરના પાણીનો પી.એચ. બગડી જાય છે અને આંખની અલગ અલગ બીમારીઓ થાય છે. રક્તવાહિનીમાં પી.એચ. ઘટે એટલે ઓક્સિજનનો પુરવઠો ઓછા થવા લાગે, શ્વાસમાં લેવામાં તકલીફ થાય, આળસ જણાય. ખોરાક ન પચતાં ચયાપચયની નળીનું કામ વધે. પરિણામે થાઇરોઇડ ગ્લેન્ડ બગડે છે. એસીડીટી થતાં ગળામાં તકલીફ, બોલવામાં તકલીફ થાય છે. એસીડીટી થતા સાધામાં દુઃખાવો આર્થરાઇટીસ, હાડકાંમાં દુઃખાવો થાય છે. ત્યાંનુ કેલ્શિયમ બગડી જાય છે. ફેફસાની અંદરના આવરણમાં દ્રવ છે તેનો પી. એચ., એસીડીક થતાં ન્યૂમોનિયા, ટી. બી. જેવી બીમારી થાય છે.

ગર્ભાશયમાં અને ફેલોપિઅન ટયૂબમાં રહેલો ચીકણા દ્રવનું પી. એચ. બદલાતા ગર્ભપાત, સંતાન ન થવું. ગર્ભદોષ જેવી તકલીફો થાય છે. સ્નાયુઓમાં રહેલો દ્રવ બગડતાં હાથ પગમાં દુઃખાવા તેમ જ ધ્રુજારી જેવા રોગ થાય છે. પુરુષના વીર્યનો પી. એચ. બગડતા સંતતી અને પ્રોસ્ટેટની તકલીફ થાય છે. મૂત્રમાર્ગમાં -મસ્તિષ્કમાં રહેલો દ્રવ (વાઇટ મેટર) બગડતાં ઘણીવાર માણસ પશુ જેવું વર્તન કરે છે. કોલેસ્ટ્રોલ બગડવા કે ડાયાબિટીસ જેવી બીમારી પણ શરીરમાંનું પી. એચ. બગડતાં જ થાય છે.

શરીરનો પી. એચ. બગડવો એટલે જ એસીડીટી અને એસીડીટી થતાં કેલ્શિયમનું બગડવું અને એનાથી બધી બીમારીઓ થાય છે. એલર્જી મધુમેહ (ડાયાબિટીસ) કે અન્ય બીમારીઓ એ વારસાગત રોગ એ સંપૂર્ણ રીતે અનુવાંશિક નથી. આપણી ખુદની શક્તિઓની આજ્ઞાનતા જ આપણી વ્યાધિઓને જન્માવે છે. જે આપણી ખુશી અને આનંદને હણે છે.

એસીડીટી થતાં જ જાણી લેવું કે આપણાં ભોજનમાં નકામી ખાવાની વસ્તુઓનું પ્રમાણ કેટલું છે. તેનો ઉપયોગ સંપૂર્ણ બંધ કરી દેવો. એસીડીટી નાબૂદ કરવા દાડમ એ શ્રેષ્ઠ વિકલ્પ છે. દાડમની છાલને પાણીમાં રાખી દેવી અને દિવસ દરમિયાન આ પાણીનો ઉપયોગ કરવો. દાડમનાં ફૂલોનો પાઉડર એ એસીડીટી પર રામબાણ ઈલાજ છે. દાડમના ઝાડ પર આવતાં ફૂલો જે મોટા પ્રમાણમાં આવે છે. દાડમનું ફળ સાઈઝમાં મોટું બને તે માટે દાડમના ઝાડ પરથી ફૂલો કાઢી નાખે છે તે ફૂલો ફેંકી દેવામાં આવે છે. આ ફૂલોને સૂકવી પાઉડર બનાવવો અને તેનો ઉપયોગ કરવો જોઈએ.

## તંત્રી લેખ...

**બુધવાર, તા.૨૩ જુલાઈ ૨૦૨૫**

## અપરાધી કોણ ?

ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાની આતંકવાદીઓના અડ્ડા નેસ્તનાબૂદ કર્યા પછી ભારત સરકારે સર્વપક્ષી પ્રતિનિધિ મંડળો દુનિયાના ઘણા દેશોમાં મોકલીને પાકિસ્તાનનો આતંકી ચહેરો બેનકાબ કર્યો છે, ત્યારે ઘરઆંગણે - મુંબઈમાં હાઈકોર્ટના એક મહત્ત્વના ચુકાદાએ મુંબઈ પોલીસ - આતંકવાદ વિરોધી પોલીસદળ અને વકીલોને 'બેનકાબ' કરીને લગભગ વીસ વર્ષ સુધી જેલવાસ અને યાતનાઓ ભોગવતા 'આતંકી અપરાધીઓ'ને નિર્દોષ ઠરાવીને મુક્ત કર્યા છે...! હાઈકોર્ટના ચુકાદા સામે રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટમાં અપીલ તો કરશે, પણ મુંબઈ પોલીસના યુનિફોર્મ ઉપર પડેલા ડાઘ - સાફ થશે ? આ ચુકાદાની અસર રાજકારણમાં પણ દેખાશે. કોંગ્રેસના રાહુલ ગાંધી આપણી સેનાના પરાક્રમ અને વિજય બાબત પણ શંકા વ્યક્ત કરે છે, ત્યારે હવે મહારાષ્ટ્ર પોલીસની 'નિષ્ફળતા'ની દલીલ પણ મળશે. મુંબઈની પરાંની ગાડીઓમાં બોમ્બ ધડાકા કરીને કાળોકેર વર્તાવનારા 'અપરાધીઓ'ને ટ્રાયલ કોર્ટે ફાંસી તથા જનમકેદની સજા ફરમાવી હતી - આ તમામ ઉપરના આરોપ પુરવાર થઈ શક્યા નથી એવા હાઈકોર્ટના ચુકાદાથી એમને જીવતદાન અને છુટકારો મળ્યો છે, તો બીજી બાજુ બોમ્બ ધડાકાઓમાં જીવ ગુમાવનારાના પીડિત પરિવારોને ન્યાય મળ્યો નહીં હોવાની ફરિયાદમાં પણ વજૂદ છે. 'અપરાધી'ઓએ જેલવાસમાં પીડા અને યાતનાઓ સહન કરી, તો પીડિત પરિવારોએ ન્યાય મળવાની આશામાં વીસ વર્ષ વીતાવ્યાં છે અને આખરે પ્રશ્ન છે : અપરાધી કોણ હતા? ક્યાં ગાયબ થયા? વીસ વર્ષ પછી હાઈકોર્ટે ચુકાદો આપ્યો, પણ હવે મુંબઈની પોલીસ આ કેસની ફાઈલો ખોલશે ? તપાસ કરશે ? આવી આશા રાખવી વ્યર્થ છે. મુંબઈ પોલીસે પકડેલા આરોપીઓમાંથી કેટલાકને આતંકવાદની તાલીમ પાકિસ્તાનમાં મળી હોવાનો આરોપ હતો, પણ હાઈકોર્ટ સમક્ષ રજૂ થયેલા પુરાવા આરોપ સિદ્ધ કરતા નથી. આખા પોલીસ તંત્ર તથા વકીલોની નિષ્ફળતા ઉપરાંત ખોટા સાક્ષીઓ ઊભા કરવાનો તથા આરોપીઓને યાતના આપીને 'કબૂલાત' મેળવવાનો આરોપ પોલીસ તંત્ર ઉપર લાગ્યો છે. મુખ્ય પ્રશ્ન એ છે કે, હાઈકોર્ટમાં આ કેસ દસ વર્ષ સુધી કેમ રહ્યો? ટ્રાયલ કોર્ટે આપેલી ફાંસીની સજાને સમર્થન મેળવવા માટે રાજ્ય સરકારે ૨૦૧૫માં હાઈકોર્ટને અરજી કરી હતી તે પછી એક યા બીજા કારણસર કેસ હાથ ધરાયો નહીં. 'વધુ પડતા કામ બોજ' અને હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓની નિવૃત્તિના કારણ ઉપરાંત આ કેસના હજારો પાનાં ભરેલા દસ્તાવેજો અને ૧૦૦થી વધુ સાક્ષીઓની ઊલટતપાસનો પણ પ્રશ્ન હતો - ૨૦૨૩માં તો જસ્ટિસ નીતિન ડબલ્યુ. સાંબ્રેની બેંચે રાજ્ય સરકારને ઠપકો પણ આપ્યો કે, તમે આ કેસમાં ગંભીર નથી. સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર પણ નિમ્યા નથી ! રાજ્ય સરકારના ગૃહ ખાતાંના સચિવને બે દિવસમાં હાજર થવાની નોટિસ મળવાની હતી. આ પછી રાજા ઠાકરે સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર નિમાયા હતા. હવે તત્કાલીન એટીસીના વડા રઘુવંશી તથા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પણ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની ખાતરી આપી રહ્યા છે, તેથી આ કેસ અને વિવાદનો અંત આવે ત્યારે ખરો, પણ ન્યાયતંત્રની નિષ્પક્ષતા અને સ્વતંત્રતા સિદ્ધ થઈ છે. 'અને આ અમારી જવાબદારી છે' એમ જસ્ટિસ કિલોર કહે છે.

## અમેરિકા અને નાટોની ધમકીને વશ ન થવા ભારતનો નિર્ધાર

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ નોબેલ શાંતિ પુરસ્કાર માટે થનગની રહ્યા છે. આ માટે તેઓ રશિયા અને યુક્રેન વચ્ચે સંઘર્ષનો અંત આણવા મથી રહ્યા છે, પણ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન જંગનો અંત આણવાનો ઈરાદો ધરાવતા ન હોવાની છાપ દિવસો દિવસ મજબૂત બની રહી છે. આવામાં રશિયા ઉપર આર્થિક દબાણ વધે એવાં પગલાં અમેરિકા અને યુરોપના દેશો લઈ રહ્યા છે. આવાં પગલાં રશિયાની સાથોસાથ તેની સાથે વેપાર-વ્યવહાર કરતા દેશો સામે લેવાની ધમકીઓ અપાઈ રહી છે. એમાં કોઈ શંકાને સ્થાન નથી કે યુક્રેન અને રશિયા વચ્ચે લાંબા સમયથી ચાલતા સંઘર્ષનો અંત આવે તે માનવતા માટે ભારે અનિવાર્ય છે. આમે ટ્રમ્પ પોતાનાં હિતમાં આર્થિક પ્રતિબંધો અને વેરા લાદવાનાં પગલાંનો બેફામ ઉપયોગ કરવામાં ખચકાતા નથી. હવે તેમને રશિયા અને યુક્રેન વચ્ચેના જંગને રોકવા આવાં પગલાં લેવાની ધમકી આપવી શરૂ કરી છે. આ સંદર્ભમાં નાટો સંગઠનના મહામંત્રી માર્ક રૂટે થોડા દિવસ અગાઉ ભારત, ચીન અને બ્રાઝિલને ચેતવણી આપી છે કે, તેઓ રશિયા સાથે વેપાર ચાલુ રાખશે તો તેમના પર પ્રતિબંધ લદાઈ શકે છે. અમેરિકા અને નાટો દેશોને એમ છે કે, ભારત રશિયા પાસેથી સસ્તું ક્રૂડ ઓઈલ ખરીદે નહીં. આ સંદર્ભમાં ટ્રમ્પે પણ એમ કહ્યંઅ હતું કે, રશિયા પાસેથી સામાનની ખરીદી કરનારા દેશો પર એક સો ટકા જેટલા વેરા લદાઈ શકે છે. સ્પષ્ટ છે કે, અમેરિકા પોતાની ઈચ્છા મુજબ વિશ્વનાં અર્થતંત્રને સંચાલિત કરીને તેનો રશિયા સામે ઉપયોગ કરવા માગે છે. સ્વાભાવિક રીતે ભારતે આવાં વલણ સામે આકરી પ્રતિક્રિયા આપી છે. ભારતે આ મામલામાં બેવડા ધોરણોનો ઉલ્લેખ કરીને કહ્યંઅ છે કે, રશિયા પાસેથી તેની ઈંધણની ખરીદી તેનાં રાષ્ટ્રીય હિત અને બજારનાં વલણ પર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૨માં રશિયાનાં તેલ પર પ્રતિબંધ લદાયા ત્યારે અમેરિકા અને યુરોપીયન સંઘને આશા હતી કે, આ નિયંત્રણથી રશિયાનાં અર્થતંત્ર પર નકારાત્મક અસર પડશે. આને લીધે તેને યુક્રેન સાથેના જંગનો અંત આણવા માટે ફરજ પાડી શકાશે. પરંતુ ભારત અને ચીને આ પ્રતિબંધો છતાં રશિયા પાસેથી ક્રૂડ તેલની ખરીદી યથાવત્ રાખી છે, જેને લીધે પ્રતિબંધ જોઈએ એવા અસરકારક રહી શક્યા ન હતા. વિશ્વમાં કોઈ પણ સશત્ર સંઘર્ષનો અંત આણવાનું અનિવાર્ય છે, પણ તેની માટે અમેરિકા અને નાટો દેશો અન્ય દેશોના નીતિવિષયક અને આર્થિક નિર્ણયોમાં દખલ કરવાના તેમના ઈરાદાને કોઈ રીતે યોગ્ય ગણાવી શકાય નહીં. ભારતનાં અર્થતંત્રના વિકાસના વેગને જાળવી રાખવા માટે પોષાય તેવા ઈંધણના વિકલ્પ હોવા અનિવાર્ય છે. ભારત પોતાની જરૂરત અને આર્થિક ફાયદા મુજબ પોતાના નિર્ણય લેવાનો અધિકાર ધરાવે છે. નાટો દેશ કે પછી અમેરિકાના પ્રતિબંધોનાં દબાણને વશ ન થવાનો સ્પષ્ટ સંદેશ ભારતે વિશ્વને આપી દીધો છે.

**રશિયા પાસેથી તેની ઈંધણની ખરીદી તેનાં રાષ્ટ્રીય હિત અને બજારનાં વલણ પર આધારિત છે. ઉલ્લેખનીય છે કે, ડિસેમ્બર ૨૦૨૨માં રશિયાનાં તેલ પર પ્રતિબંધ લદાયા ત્યારે અમેરિકા અને યુરોપીયન સંઘને આશા હતી કે, આ નિયંત્રણથી રશિયાનાં અર્થતંત્ર પર નકારાત્મક અસર પડશે.**

### ધનખડ મોદી સરકારની ચાપલૂસી માટે ન્યાયતંત્રને બિનજરૂરી વિવાદોમાં ઢસડી રહ્યા

# ધનખડના રાજીનામાનો બહુ વસવસો કરવા જેવો નથી

### ધનખડનાં રાજકીય નિવેદનોનાં કારણે ભારે વિવાદો થયા હતા.

જગદીપ ધનખડે દેશના ઉપરાષ્ટ્રપતિપદ અને રાજયસભાના ચેરમેનપદેથી રાજીનામું આપી દેતાં રાજકીય ગરમીનો માહોલ છે. ૭૪ વર્ષના જગદીપ ધનખડનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૭ના દિવસે પૂરો થવાનો હતો પણ તેમણે સ્વાસ્થ્યનાં કારણોસર બે વર્ષ પહેલાં જ રાજીનામું આપી દીધું છે. ધનખડે રાષ્ટ્રપતિ ડો. દ્રૌપદી મુર્મૂને ને લખેલા પત્રમાં પોતે સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને અને ડોક્ટરની સલાહનું પાલન કરીને તાત્કાલિક અસરથી ભારતના ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી રહ્યા હોવાનો દાવો કર્યો છે પણ વિપક્ષોને દાળમાં કંઈક કાળું લાગી રહ્યું છે.કૉંગ્રેસના મહામંત્રી જયરામ રમેશે સોશિયલ મીડિયા પોસ્ટમાં ધનખડના અણધાર્યા રાજીનામાની પાછળ ઘણાં રહસ્યો છૂપાયેલાં હોવાનો દાવો કર્યો છે. મજાની વાત પાછી એ છે કે, કૉંગ્રેસ અત્યાર લગી ધનખડને પક્ષપાતી અને લોકશાહીના સિદ્ધાંતોને મજાકરૂપ બનાવી દેનારા સભાપતિ ગણાવતી હતી. ધનખડ આઝાદ ભારતના સંસદીય લોકશાહીના ૭૨ વર્ષના ઈતિહાસમાં દેશના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ હતા કે જેમને હોદ્દા પરથી દૂર કરવા માટે તેમની સામે ઈમ્પિચમેન્ટ મોશન એટલે કે મહાભિયોગ લાવવામાં આવ્યો હતો.કૉંગ્રેસની આગેવાનીમાં વિપક્ષો ડિસેમ્બર ૨૦૨૪માં ધનખડ સામે મહાભિયોગ પ્રસ્તાવ લાવ્યા હતા. આ ઈમ્પિચમેન્ટ મોશનને પછીથી ટેક્નિકલ કારણોસર નકારી કાઢવામાં આવી હતી પણ કૉંગ્રેસ સહિતના વિપક્ષે ધનખડ સામે પક્ષપાતી હોવાનો આક્ષેપ મૂકીને કહ્યું હતું કે, ધનખડ રાજ્યસભાના ચેરપર્સન તરીકે નહીં પણ ભાજપના નેતા તરીકે વર્તીને વિપક્ષના અવાજ અને તેમના સાંસદો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રશ્નોને દબાવી દે છે.હવે એ જ કૉંગ્રેસ કહી રહી છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રના હિતમાં ધનખડને પોતાનો વિચાર બદલવા માટે મનાવવા જોઈએ. કૉંગ્રેસના કહેવા પ્રમાણે ધનખડ ઉપરાષ્ટ્રપતિપદે ચાલુ રહેશે તો દેશના ખેડૂત સમુદાયને ઘણી રાહત મળશે. બીજા વિપક્ષી સાંસદોએ પણ ધનખડના રાજીનામા પાછળ ભેદભરમ હોવાની આશંકા વ્યક્ત કરી છે. ચોમાસુ સત્રના પહેલા દિવસે આખો દિવસ કામ કર્યા પછી ધનખડે રાજીનામું ધર્યું તેના કારણે પણ વિપક્ષોને મોકો મળી ગયો છે.ધનખડના રાજીનામાં માટે ખરેખર આરોગ્યનું કારણ જવાબદાર હોય તો ધનખડની પ્રસંશા કરવી જોઈએ કેમ કે ભારતમાં ભાગ્યે જ સત્તામાં બેઠેલો કોઈ માણસ આરોગ્યના કારણસર હોદ્દો છોડીને જગા કરે છે. સત્તામાં બેઠેલાં મોટા ભાગનાં લોકોની માનસિકતા હોદ્દા પર ચીટકી રહેવાની અને સરકારી ખર્ચે દવા-દારૂ કે સારવાર કરાવી લેવાની હોય છે. તેમાં કશું ખોટું નથી કેમ કે એ બધા લાભ નિયમ પ્રમાણે જ મળે છે પણ એ લાભ જતા કરવાની માનસિકતા બતાવવી મોટી વાત છે. ધનખડની ટર્મમાં બે વર્ષ બાકી હતાં એ જોતાં બાકીની ટર્મ સરકારી બંગલામાં રહીને, સરકારી ખર્ચે સારવાર કરાવીને અને સરકારી ખર્ચે ઘર પણ ચલાવીને ધનખડ આરામથી રહી શક્યા હોત.જો કે ધનખડે ખરેખર આરોગ્યના કારણે રાજીનામું આપ્યું કે કેમ એ શંકાસ્પદ છે કેમ કે તેમની તબિયત એટલી ખરાબ નથી જ કે કામ ના કરી શકે. થોડા દિવસ પહેલાં એક કાર્યક્રમમાં તેમની તબિયત અચાનક બગડી જતાં હોસ્પિટલમાં દાખલ કરવા પડેલા પણ એ પછી એ સ્વસ્થ છે. સોમવારે સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે ધનખડે રાજયસભાના ચેરમેન તરીકેની ફરજ પણ બજાવી હતી.આખો દિવસ સંસદની કાર્યવાહીમાં વ્યસ્ત પણ રહ્યા હતા તેથી તેમની તબિયત સાવ નાદુરસ્ત છે એવું માની શકાય તેમ નથી. અલબત્ત આ બધા વ્યક્તિગત નિર્ણયો છે. સાવ સ્વસ્થ લાગતી વ્યક્તિની તબિયત ખરેખર સારી ના હોય એવું બને. તબિયત સારી હોય તો પણ તબિયત વધારે ના બગડે એટલે કોઈ વ્યક્તિ ધંધા-ધાપા છોડીને આરામ કરવાનું પસંદ કરે એ પણ શક્ય છે. ધનખડના કિસ્સામાં શું કારણ છે તેની આપણને ખબર નથી પણ કારણ જે પણ હોય, ધનખડના નિર્ણયને વ્યક્તિગત માનીને માન આપવું જોઈએ.ભારતમાં ઉપરાષ્ટ્રપતિ બંધારણીય રીતે બીજા નંબરનો મોટો હોદ્દો છે. આ હોદ્દા પરની વ્યક્તિ રાજીનામું ધરી દે એ મોટી વાત તો કહેવાય જ પણ ધનખડના જવાથી બહુ ફરક પડવાનો નથી કેમ કે ધનખડ શોભાના ગાંઠિયાથી વધારે કંઈ નહોતા. ધનખડના જવાનો વસવસો એટલે પણ કરવા જેવો નથી કે ધનખડ ઉપરાષ્ટ્રપતિપદના હોદ્દાનું ગૌરવ જળવાય એ રીતે નહોતા વર્ત્યા. ધનખડની ઉપરાષ્ટ્રપતિપદ માટે પસંદગી થઈ એ પહેલાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ હતા.ધનખડે બંગાળના રાજ્યપાલ તરીકે તેમણે કેન્દ્ર સરકારના ઈશારે મમતા બેનરજીની કનડગત કરવામાં કોઈ કસર નહોતી છોડી. મમતા બેનરજી મુસ્લિમો પર ઓળઘોળ હોવાનો આડકતરો આક્ષેપ કરતાં ધનખડે કહેલું કે, મમતા સરકાર ફક્ત એક ચોક્કસ વર્ગને જ મદદ કરે છે જ્યારે દેશનું બંધારણ બધા સાથે સમાન વર્તનની વાત કરે છે એ જોતાં મમતા સરકાર બંધારણની વિરુદ્ધ વર્તી રહી છે.ધનખડે જાન્યુઆરી ૨૦૨૨માં, બંગાળને લોકશાહીની ગેસ ચેમ્બર ગણાવી હતી. ધનખડ બંગાળ સરકારના વહીવટમાં દખલ કરતા, વિધાનસભાએ પસાર કરેલાં બિલોને પણ રોકી રાખતા હતા. રાજ્યપાલ તરીકનું ગૌરવ જાળવવાના બદલે ધનખડ કેન્દ્ર સરકારના એજન્ટ તરીકે જ વર્ત્યા કરતા હતા ને આ જ લાયકાતના કારણે તેમને ઉપરાષ્ટ્રપતિપદે પસંદ કરાયા હતા.ઉપરાષ્ટ્રપતિપદે બેઠા પછી ધનખડ ઠાવકા અને ગૌરવપૂર્ણ બનશે એવી અપેક્ષા હતી પણ તેના બદલે એ બંગાળના રાજ્યપાલ તરીકે વર્તતા હતા એ રીતે જ વર્તતા રહ્યા. ભાજપ સરકારની ચાપલૂસી કરવા માટે ધનખડ ન્યાયતંત્ર અને સુપ્રીમ કોર્ટ વિરુદ્ધ પણ બેફામ નિવેદનો કરવા માંડેલા. સુપ્રીમ કોર્ટ મનમાની કરે છે અને બંધારણની 'કલમ ૧૪૨' પરમાણુ મિસાઈલ બની ગઈ છે તેથી લોકશાહી સામે ખતરો છે એવા તેમના દાવાએ હલચલ મચાવી દીધી. ધનખડે કોલેજીયમ સિસ્ટમ સામે પણ સવાલો ઉઠાવ્યા હતા. ધનખડે સુપ્રીમ કોર્ટ સુપર પાર્લામેન્ટ તરીકે વર્તીને પોતાની મર્યાદા ઓળંગી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો. ધનખડનાં રાજકીય નિવેદનોનાં કારણે ભારે વિવાદો થયા હતા. ધનખડ મોદી સરકારની ચાપલૂસી માટે ન્યાયતંત્રને બિનજરૂરી વિવાદોમાં ઢસડી રહ્યા હોવાના આક્ષેપો થયા હતા પણ તેનાથી ડગ્યા વિના ધનખડે બેફામ નિવેદનો કરતાં જ રહ્યા હતા. ભાજપની ચાપલૂસીમાં ધનખડ એ હદે લિપ્ત થઈ ગયેલા કે, ઘણા તો તેમને ભાવિ રાષ્ટ્રપતિ માનવા માંડેલા. આ કારણે જ હવે અચાનક તેમને વૈરાગ્ય આવી ગયો ને આરોગ્યની ચિંતા થઈ આવી એ વાત લોકોના ગળે ઉતરતી નથી પણ શું થાય ?

### અનાદિ અને અજન્મા એવા શિવ અને શંકર એક જ છે, પરંતુ તાત્વિક ભેદ છે.

# શિવ હી સત્ય હૈ, સત્ય હી શિવ હૈ, શિવ હી સુંદર હૈ...

- તેમના મંદિરોનાં બારણાં ચોવીસ કલાક ભક્તો માટે ખૂલેલા રહે છે. ક્યારેય ભગવાન ભક્તોથી દૂર થતા નથી. કોઈપણ વ્યક્તિ પછી તે રાજા હોય કે રંક મંદિરમાં જઈ ભગવાનને દૂધ ચડાવે છે, બિલ્વપત્ર ચડાવી પાણીનો અભિષેક કરે છે.

હિંદુ સંસ્કૃતિમાં અતિ પવિત્ર એવા શ્રાવણ માસની શરૂઆત થઈ ગઈ. દેવોના દેવ મહાદેવની આરાધનાનો આ મહિનો છે. જીવથી શિવ તરફની યાત્રા કરવાના આ દિવસો છે. ભારત દેશમાં પ્રાચીન કાળથી શિવપૂજા થતી આવી છે. ભારતમાં લગભગ કોઈ એવું ગામ નહી હોય જ્યાં ભગવાન શંકરનું મંદિર નહી હોય. કંકર એટલા શંકર એવી કહેવત એટલે તો પડી છે. ભારતની પવિત્ર ભૂમિમાં ખૂણે-ખૂણે જ્યોતિર્લિંગો આવેલા છે અને દરેક જ્યોતિર્લિંગનો આગવો તિહાસ પણ છે. લિંગ પ્રતીક છે શિવ અને શક્તિના સમન્વયનું. શિવ-પાર્વતીના સાયુજયથી આખી સૃષ્ટિ પ્રગટી છે એવી પણ માન્યતા છે.શિવ એટલે જ કલ્યાણ, શિવમાં સૃષ્ટિના કલ્યાણની શાશ્વતતા અને નિરંતરતા છે. શિવ શબ્દમાં જીવ, જગત અને જીવન સમાયેલું છે. ચિતાની ભસ્મથી જે શણગારાયેલા છે તેવા શિવથી મંગલકારી કોઈ નથી. મૃત્યુંજય એવા મહાકાલનાં દર્શન માત્રથી મૃત્યુનો ભય હટી જાય છે. શિવ મોક્ષદાતા છે. જન્મ-મરણના લખચોરાસી ફેરામાંથી મુક્ત થવાનો માર્ગ કલ્યાણદાતા શિવ જ બતાવે છે. મૃત્યુંજય મંત્રના જાપથી જીવની મૃત્યુમાંથી અમૃત તરફ ગતિ થાય છે. સ્મશાનમાં જેનો વાસ છે તેવા શિવથી કલ્યાણકારી કોઈ નથી. ચરાચર જીવસૃષ્ટિના આધાર એવા જગતના મૂળ તત્ત્વ શિવની આરાધના ખૂબ સરળ છે. શિવને એટલેજ ભોળાનાથકહેવાય છે. તેમના મંદિરોનાં બારણાં ચોવીસ કલાક ભક્તો માટે ખૂલેલા રહે છે. ક્યારેય ભગવાન ભક્તોથી દૂર થતા નથી. કોઈપણ વ્યક્તિ પછી તે રાજા હોય કે રંક મંદિરમાં જઈ ભગવાનને દૂધ ચડાવે છે, બિલ્વપત્ર ચડાવી પાણીનો અભિષેક કરે છે.બ્રહ્માંડની ઉત્પત્તિ શિવપુરાણમાં વર્ણવેલી છે તે મુજબ શિવ એક અગ્નિદ્વમય લોહસ્તંભ હતા, તેનું વિસ્તરણ થતું ગયું અને એક પ્રચંડ ધક્કા સાથે બ્રહ્માંડની રચના થઈ. નવાઈ લાગે પરંતુ વિજ્ઞાનની બિગ બેંગ થિયરી વાંચો તો આવાજ મતલબનું વાંચવા મળશે. સૃષ્ટિનું કોઈ નામોનિશાન હતું નહીં તે સમયે ભગવાન શિવ નિર્ગુણ રૂપે સર્વત્ર વ્યાપ્ત હતા. નરસિંહ મહેતાએ અદ્ભૂત પંક્તિઓ દ્વારા જીવ થકી શિવ થયો કહીને પ્રાણીમાત્રમાં સ્થિત પરબ્રહ્મની ઝાંખી કરાવી છે, તો નિરખને ગગનમાં કોણ બોલી રહ્યું 'તે જ હું' 'તે જ હું' તત્ત્વ બોલે કહીને સોહમની વેદોક્ત વાણીને મુખરિત કરી છે.અનાદિ અને અજન્મા એવા શિવ અને શંકર એક જ છે, પરંતુ તાત્વિક ભેદ છે. શિવ નિરાકાર જ્યોતિબિંદુ સ્વરૂપ જ્યોતિર્લિંગ પરમાત્મા છે, જ્યારે શંકર દિવ્ય શરીરધારી દેવાત્મા છે. ગુજરાત રાજ્યમાં સ્થિત પ્રભાસ પાટણમાં બાર જ્યોતિર્લિંગમાંનું શિરમોર સમું સોમનાથ મહાદેવનું મંદિર જગપ્રસિદ્ધ છે. સોમનાથ મંદિર સાથે એટલી બધી પૌરાણિક માન્યતાઓ અને ઐતિહાસિક કથાઓ જોડાયેલી છે કે તેની વાત લખવા બેસીએ તો મોટો ગ્રંથ બની જાય. ઉજ્જૈનમાં મહાકાલ અને શિવના ગણ કાલભૈરવના મંદિરો વિખ્યાત છે. મહાકાલેશ્વરમાં ભસ્મ આરતી જેણે કરી હોય એ જ મહાદેવની મહત્તા જાણી શકે છે. એ અલૌકિક અનુભવ શબ્દોથી પર છે. હિમાલયમાં વસેલા કેદારનાથ જે ચાર ધામોમાંના એક છે તેના દર્શન માત્રથી જ વૈરાગ્ય આવી જાય અને જીવનની ક્ષણભંગુરતા દેખાય એવી કઠિન પરંતુ અદ્ભૂત યાત્રા છે.કેદારનાથથી જ પાંડવોએ મોક્ષપ્રાપ્તિ માટે સ્વર્ગારોહણની યાત્રા કરી હતી. આદિ શંકરાચાર્યે પણ સનાતન હિંદુ ધર્મને બચાવવાની યાત્રા કેદારનાથથી જ આરંભી હતી. કેદારનાથ પહોંચતાં જ એવું લાગે કે આ જ સ્વર્ગ છે. આનાથી સુંદર બીજી કોઈ જગ્યા હોઈ જ ન શકે. કાશી વિશ્વનાથનું મંદિર લાખો શિવભક્તોની આસ્થાનું કેન્દ્ર છે. કાશીમાં જેનું મૃત્યુ થાય તેનો મોક્ષ થાય એવી દઢ માન્યતા હિંદુઓ ધરાવે છે. આ સ્થળ સાથે બીજી માન્યતા પણ જોડાયેલી છે કે સૃષ્ટિનો પ્રલય થશે ત્યારે પણ કાશી ત્યાં જ રહેશે. ભગવાન શિવ પોતાના ત્રિશૂળ પર કાશીને રાખશે અને પ્રલયથી બચાવશે. છે ને અદ્ભૂત! એ સિવાય પહાડોની ચારે બાજુ વહેતી નર્મદા નદીના કારણે સ્વયંભૂ ઓમનો આકાર બનતા વસેલું ઈન્દોરની નજીક આવેલું ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રમાં આવેલું ત્ર્યંબકેશ્વરગ અને ભીમશંકર જ્યોતિર્લિંગ ઉપરાંત દ્વારકા નજીક દારૂક વનમાં આવેલું નાગેશ્વર જ્યોતિર્લિંગ, શૈલ પર્વત પર આવેલ મલ્લિકાર્જુન પણ આસ્થાના પ્રતીક છે. પરલ્યા સ્થિત વૈજનાથ અને દોલતાબાદ પાસે આવેલ ધુષ્ણેશ્વર મહાદેવનું મંદિર પણ બાર જ્યોતિર્લિંગોમાં આવે છે. શ્રીરામે લંકા પર ચડાઈકરવા જતાં પહેલાં રેતીનું શિવલિંગ બનાવી શિવની આરાધના કરેલી. એ જ્યોતિર્લિંગ રામેશ્વરના નામે જગ વિખ્યાત છે.બાર જ્યોતિર્લિંગની યાત્રા સિવાય ભારત વર્ષમાં કૈલાસ-માનસરોવર અને બર્ફાની બાબા અમરનાથની યાત્રા જીવનમાં એકવાર કરવાની હિંદુઓની કદાચ અંતિમ ઈચ્છા હોય છે. કૈલાસ પર્વત સૃષ્ટિ પરના તમામ પર્વતોમાં સૌથી રહસ્યમય પર્વત ગણાય છે. એવરેસ્ટ કરતાં ઊંચાઈ ઓછી હોવા છતાં આજ સુધી કૈલાસ પર્વત પર તિબેટી સાધુ મિલારેપા સિવાય કોઈ આરોહણ કરી શક્યું નથી. કૈલાસ પર્વત પર સાક્ષાત શિવ તેમના પરિવાર સાથે વસે છે. ત્યાં કોઈ મંદિર નથી એ તો દેવાધિદેવનું નિવાસસ્થાન છે. મજાલ છે કોઈની ત્યાં પગ પણ મૂકી શકે?કૈલાસ પર્વતની યાત્રા અતિ દુર્ગમ છે. તેના દર્શન માત્રથી જ યાત્રાળુઓ ધન્ય બની જાય છે. બાબા અમરનાથ પણ સ્વયંભૂ બનતા બરફના શિવ છે જેની રચના જ એટલી અદ્ભૂત છે તેવા બાબા અમરનાથનાં દિવ્ય દર્શન કરવા એ પણ લહાવો છે. નેપાળમાં ભગવાન પશુપતિનાથનાં દર્શન કરવા લાખો હિંદુઓ ભારતમાંથી નેપાળ યાત્રા કરે છે.શિવ નટરાજ છે, નૃત્યના દેવતા છે. હળાહળ વિષ પીનારા નીલકંઠ છે એવી ખોટી માન્યતા છે કે હિંદુ સંસ્કૃતિ એટલે સંપ્રદાયો અને કર્મકાંડોની સંસ્કૃતિ. હિંદુ ધર્મમાં યુગે યુગે આપણા જીવનના સામાજિક, નૈતિક અને આધ્યાત્મિક માર્ગને ઘાટ આપનારા પાયાનાં મૂલ્યો છે. નિત્ય, નૂતન અને નવજીવન આપનારો સનાતન ધર્મ આસ્થા અને શ્રદ્ધાના પાયા ઉપર ઊભો છે. હિંદુ ધર્મ અનાદિ અને અનંત છે એટલેજ સર્વવ્યાપી છે. એની કોઈ સીમાઓ નથી. એનો આરંભકાળ કોઈ ચોક્કસ બિંદુ કે કોઈ નિશ્ચિત સંસ્થાપકથી આલેખી શકાતો નથી. જીવ થકી શિવ થવાની સાધના માત્રને માત્ર હિંદુ ધર્મમાં જ છે. પવિત્ર શ્રાવણ માસમાં મન, વચન અને કર્મથી શિવની આરાધના કરી જીવન થકી શિવ થવાની મંગલમય યાત્રા કરીએ.

### સરકારી કર્મચારીઓ તો નવી સરકારોમાંથી કોઈ એકને પસંદ કરી શકતા હતા

# ભાગલા પછી ભારત-પાકિસ્તાનમાં સંપત્તિની વહેંચણી

### આ શરતને આધીન, પાકિસ્તાનનો કોઈ મુસ્લિમ જે સશસ્ત્ર દળમાં સેવારત છે

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ એ તારીખ હતી જ્યારે ભારતને અંગ્રેજો સાથે આઝાદી મળી હતી. જોકે આઝાદી સાથે જ ભાગલાનું દુ:ખ પણ મળ્યું હતું. ૭૬ વર્ષ પહેલાં જ્યારે ભારતને બે ભાગમાં વહેંચવામાં આવ્યું, ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે જમીનની વહેંચણી બસ નક્શા પર લીટી દોરવા જેવી હતી. ઈતિહાસ દર્શાવે છે કે અંગ્રેજોએ દેશના ભાગલા માટે લોર્ડ રેડક્લિફને પસંદ કર્યો હતો. તે લંડનથી આવ્યો અને નક્શા પર એક લીટી દોરી દીધી. બંને દેશોના ભૌગોલિક ભાગલા તો થઈ ગયા, પરંતુ સંપત્તિનો મુદ્દો બાકી હતો. માત્ર પૈસા જ નહી,કર્મચારીઓ અને કલાકૃતિઓ પણ વહેંચવાની હતી.

આ સંપત્તિઓની વહેંચણી અલગ-અલગ રીતે કરવામાં આવી. ભારતના વાઈસરોયની ઘોડાગાડીનો માલિકી હક્ક સિક્કો ઉછાળીને કરવામાં આવ્યો, જેમાં ભારત જીતી ગયું. આ ઘોડાગાડીનો ઉપયોગ ભારતના રાષ્ટ્રપતિ માટે રાષ્ટ્રપતિ ભવનમાં કરવામાં આવતો હતો. સુરક્ષા કારણોસર જાહેર સમારોહોમાં તેનો ઉપયોગ બંધ થયાના ત્રણ દાયકા બાદ ૨૦૧૪માં તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીએ તેનો ઉપયોગ કર્યો હતો. જોકે કેટલીક અન્ય સંપત્તિઓ, જેમ કે માનવ સંસાધન વગેરે બહુ સાવધાનીથી વહેંચવામાં આવ્યા હતા.

દેશના ભાગલાની જવાબદારી ૧૨ જૂને રચાયેલ વિભાજન પરિષદને સોંપવામાં આવી, જેના અધ્યક્ષ બનાવ્યા લોર્ડ માઉન્ટબેટનને! તેમાં સરદાર વલ્લભભાઈ પટેલ અને રાજેન્દ્ર પ્રસાદ કોંગ્રેસનું પ્રતિનિધિત્વ કરતા હતા, જ્યારે અખિલ ભારતીય મુસ્લિમ લીગનું પ્રતિનિધિત્વ લિયાકત અલી ખાન અને અબ્દુર રબ નિશ્તરે કર્યું. નિશ્તરની જગ્યા પછી મોહંમદ અલી ઝીણાએ લીધી અને પેનલનું નામ બદલીને વિભાજન પરિષદ કરી દેવાયું. તે અંતર્ગત ૧૦ વિશેષજ્ઞ આયોગ હતા જે વિભાજનના વિવરણની દેખરેખ કરતા હતા. જ્યારે વિભાજન કોઈપણ સ્થિતિમાં સૌહાદ્રપૂર્ણ નહોતું. પરંતુ વિભાજનના કેટલાક હિસ્સા યોગ્ય રીતે વહેંચાઈ ગયા જેમાં રક્ષા, મુદ્રા અને સાર્વજનિક વિત્ત સમજૂતીઓ સામેલ હતી.

વિભાજન સમજૂતી અંતર્ગત પાકિસ્તાનને બ્રિટિસ ભારતની સંપત્તિ અને દેણદારીઓના ૧૭.૫ ટકા હિસ્સો મળ્યો. પરંતુ આ ભાગલાનો અંત ન હતો, પાકિસ્તાનની નવા કેન્દ્રીય બેંક અને ભારતીય રિઝર્વ બેંકને રોકડ બાકી રકમની ચૂકવણી પર ફેંસલો લેવાનો હતો. એ સમયે, ભારત સરકા પાસે લગભગ ૪૦૦ કરોડ રૂપિયા હતા. વિભાજન પરિષદે પાકિસ્તાનની કેન્દ્રીય બેંકને ૭૫ કરોડ રૂપિયા ફાળવ્યા, જેમાં ૨૦ કરોડ રૂપિયાની કાર્યશીલ શેષ સામેલ હતી જે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ પાકિસ્તાનીઓને પહેલેથી જ આપી દેવાઈ હતી. આઝાદી બાદ ભારત અને પાકિસ્તાન બંનેને એક જ કેન્દ્રીય બેંક દ્વારા એક વર્ષથી વધુ સમય સુધી સેવા અપાતી રહી. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ઓગસ્ટ ૧૯૪૭થી સપ્ટેમ્બર ૧૯૪૮ સુધી આ ભાર ઉઠાવ્યો. મૂળ રૂપે બંને દેશોને ઓક્ટોબર ૧૯૪૮ સુધી કેન્દ્રીય બેંક વહેંચવાની હતી. પરંતુ આરબીઆઇ અને પાકસ્તાન સરકાર વચ્ચે ૫૫ કરોડ રૂપિયાની ચૂકવણીને લઈને સંબંધો બગડ્યા બાદ વિભાજનને એક મહિનો આગળ વધારી દીધું. આ રકમ ૧૯૪૭માં નક્કી થઈ હતી. આ અવધિ દરમ્યાન ભારત અને પાકિસ્તાને પૈસા પણ વહેંચ્યા. વિશેષજ્ઞ સમિતિએ ૩૧ માર્ચ, ૧૯૪૮ સુધી ભારત અને પાકિસ્તાન બંને માટે સિક્કા અને મુદ્રા જારી રાખવાનો ફેંસલો કર્યો.પહેલો હપ્તો ૨૦ કરોડ રૂપિયાનો ૧૫ ઓગસ્ટે પાકિસ્તાનને આપી દીધો. બાકી ૭૫ કરોડ રૂપિયાની રકમ એક વિવાદાસ્પદ મુદ્દામાં ફસાઈ ગઈ. આ મુદ્દો હતો વિભાજનના તરત બાદ ભાડાના સૈનિકોની મદદથી પાકિસ્તાની સેનાનું કાશ્મીર પર આક્રમણ. ભારતે આ રકમ અટકાવી દીધી. તત્કાલીન ગૃહમંત્રી સરદાર પટેલે રોકડું પરખાવ્યું કે ભારત કાશ્મીર મુદ્દો ઉકલ્યા સુધીમાં કોઈપણ ચૂકવણી નહીં કરે. પાકિસ્તાને ત્યારે કોઈ વાંધો ન ઉઠાવ્યો. પરંતુ ૨૨ ડિસેમ્બર, ૧૯૪૭ના રોજ કાશ્મીર મુદ્દા પર અંતિમ વાતચીત સમયે, તેણે આર્થિક મુદ્દા અને કાશ્મીર પ્રશ્ન એક સાથે મૂકવા પર વાંધો લીધો અને ૫૫ કરોડ રૂપિયા તરત ટ્રાન્સફર કરવા માંગ કરી. પરંતુ ભારત પોતાની વાત પર અડગ રહ્યું.જોકે મહાત્મા ગાંધીને ભારતનું આ વલણ ન ગમ્યું! તેમના મતે પાકિસ્તાનને તેની બાકીની રકમ આપી દેવી જોઇએ. એના માટે તેમણે ઉપવાસ ચાલુ કરી દીધા! પરિસ્થિતિઓ નાજુક થવા લાગી ત્યારે ભારતે ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ જાહર કર્યું કે તે 'સરકારના યોગદાન રૂપે, તેમની સર્વોત્તમ ક્ષમતા અનુસાર, અહિંસક અને મહાન પ્રયાસ માટે રોકડ બાકી રકમની સમજૂતી તરત લાગુ કરવાના પોતાના નિર્ણયની જાહેરાત કરે છે.' હવે ૭૬ વર્ષ બાદ ભારત અને પાકિસ્તાન બંનેનો દાવો છે કે બીજા પક્ષનું તેમના પર લેણું છે. ભારત દર વર્ષે આર્થિક સર્વેક્ષણમાં કેન્દ્ર સરકારનાં લેણાંમાં વિભાજન પૂર્વ લોનના હિસ્સાને કારણે પાકિસ્તાન પાસે લેવાની રકમ શીર્ષકથી એક લાઈન ઉમેરે છે. કેટલું દેવું? ૩૦૦ કરોડ રૂપિયા જે વિભાજન બાદથી આગળ વધારવામાં આવ્યા છે. બીજી તરફ ૨૦૧૪માં પાકિસ્તાને દાવો કર્યો હતો કે તે ભારત પાસેથી ૫૬૦ કરોડ રૂપિયા માગે છે, કારણ કે આરબીઆઈએ પાકિસ્તાની સરકારને કેટલીક સંપત્તિઓ સોંપવાનો ઈનકાર કરી દીધો હતો.આ બધા ઉપરાંત તમામ ચલ સંપત્તિઓને ૮૦-૨૦ના અનુપાતમાં વિભાજિત કરવામાં આવી અને તેમાં ઓફિસનું ફર્નીચર, સ્ટેશનરી આઈટમ, ત્યાં સુધી કે લાઈટ બલ્બ સુદ્ધાં સામેલ હતા. એ જ કારણ છે કે કેટલાક લોકો ભાગલાની આ પ્રક્રિયાને હાસ્યાસ્પદ માને છે.લેરી કોલિન્સ અને ડોમિનિલ લેપિયરે પોતાના પુસ્તક 'ફ્રીડમ એટ મિડનાઈટ'માં એક રસપ્રદ પ્રસંગ ટાંક્યો છે. તેઓ લખે છે, 'એ વિભાજનોથી ક્યારેક-ક્યારેક જે ભાવના અને સંકીર્ણતા પેદા થતી હતી, તે ચોંકાવનારી હતી. લાહોરમાં પોલીસ અધીક્ષક પેટ્રિક રિચે પોતાનાં ઉપકરણ એક મુસ્લિમ અને એક હિંદુ ડેપ્યુટી વચ્ચે વહેંચી દીધાં. તેણે બધું જ વહેંચી દીધું, લેગિંગ, પાઘડી, રાઈફલ, લાઠી. આખરી લોટમાં પોલીસ બેન્ડનાં ઉપકરણ સામેલ હતાં. રિચે તેને અલગ કરી દીધાં, પાકિસ્તાન માટે એક વાંસળી, ભારત માટે ઢોલ, પાકિસ્તાન માટે તૂતી, ભારત માટે ઝાંઝની જોડી, છેલ્લે વધ્યું એક ટ્રોમ્બોન. તેના માટે બંને ડેપ્યુટી વઢી પડ્યા.

વિભાજન જોવા માટે બોલાવવામાં આવેલ વિશેષજ્ઞ સમિતિઓ પાસે પોતાનું કામ કરવા માટે માંડ ૭૦ દિવસ હતા. તમામ વિભાગીય સંપત્તિઓ અને આર્થિક દેણદારીઓ મેજ પર હતી, તેમને વિભાજિત કરવાની હતી. આ વિભાગીય સંપત્તિઓનો એક મોટો હિસ્સો સરકારી અધિકારીઓ હતા,

# સવારે પણ 'સૈયારા'ના શો હાઉસફૂલ, યશરાજની મંગળવારે સસ્તી ટિકિટની ઓફર

## આ ફિલ્મ યુએસ ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને મિડલ ઇસ્ટ પણ સારી ચાલી છે





**જો 'સૈયારા'ની કમાણીની વાત કરવામાં આવે તો તેણે માત્ર ભારતમાં જ નહીં પણ ગ્લોબલી કમાલ કરી બતાવી છે, પહેલાં અઠવાડિયે ભારતમાં લગભગ ૯૮ કરોડની કમાણી સાથે ગ્લોબલી ૨ મિલિયન ડોલરની કમાણી કરી છે.**

કોઈ પ્રમોશન વિના જ્યારે યશરાજ ફિલ્મ સ્ટુડિયો મોહિત સુરીની 'સૈયારા' રિલીઝ કરવાનું હતું, ત્યારે ઘણા લોકોને આ નિર્ણય જોખમી લાગતો હતો. ઘણા લોકોને લાગતું હતું કે નવા કલાકારોની ફિલ્મને કોઈ પ્રમોશન વિના રિલીઝ કરવીએ એક ભુલ છે. પરંતુ આ ફિલ્મ એક વાવાઝોડાની જેમ બોક્સ ઓફિસ પર છવાઈ ગઈ છે, તેનો વંટોળ એવો ઉઠ્યો છે કે અન્ય ઘણા ડિરેક્ટર પ્રોડ્યુસર્સ પોતાની ફિલ્મ રિલીઝની ડેટ આઘી પાછી કરવા માંડ્યા છે. સામાન્ય રીતે કોઈ ફિલ્મ સારુ ઓપનિંગ મેળવીને પહેલાં જ અઠવાડિયે છવાઈ જાય પરંતુ પછી જેવા ચાલુ દિવસ શરૂ થાય અને સોમવાર આવે કે તેની ગતિ ધીમી પડી જતી હોય છે. પરંતુ 'સૈયારા'ના શો સોમવારે સવારે પણ હાઉસફુલ ગયા છે અને યશરાજે મંગળવારે સસ્તી ટિકિટની ઓફર પણ આપી છે. સોમવાર માટે મજબૂત એડવાન્સ બૂકિંગ થયું હતું. તેમણે સામાન્ય મલ્ટિપ્લેક્સ અને થિએટરના નિયમોથી ઉલટા પ્રવાહે તરીને મંગળવારે સસ્તી ટિકિટની ઓફર આપી છે.

એપ્રિલ મહિનાથી સમગ્ર દેશના થિએટરમાં મંગળવારે ૯૯, ૧૪૯, ૧૯૯ની ટિકિટ આપે છે. 'રેડ ૨' અને 'સિતારે ઝમીન પર' જેવી વીકેન્ડમાં સારી ચાલેલી ફિલ્મે આ ઓપર આપી નહીં. પરંતુ યશરાજ ફિલ્મ્સે આ રસ્તે ચાલવાનો ઈનકાર કરી દીધો છે.

આ અંગે ટ્રેડ એક્સપર્ટના જણાવ્યા અનુસાર, "આ ફિલ્મનો ક્રેઝ ખૂબ ચાલ્યો છે અને યશરાજ ફિલ્મ્સે ઓફર ન આપી હોત તો પણ આ ફિલ્મ સારી જ ચાલી રહી હોત. છતાં યશરાજે આ ઓફર આપી , જેથી ખૂબ મોટી સંખ્યામાં લોકો આ ફિલ્મ જોઈ શકે અને તેમને મોંઘું પણ ન પડે. લોકો આ ફિલ્મ જોવા ઈચ્છે છે. ઘણાએ તો મંગળવારની ઓફરની પણ રાહ જોઈ નથી. સામાન્ય રીતે મંગળવારના ચડાવ પછી બુધવારે ટિકિટના વેચાણમાં મોટો ઘટાડો થતો હોય છે. પરંતુ સૈયારા આ કેસમાં અપવાદ સાબિત થઈ છે."

સોમવારે અમદાવાદના આઈનોક્સ હિમાલયા મોલમાં સૈયારાનો સવારે ૯.૨૦નો શો ઝડપથી ભરાઈ રહ્યો હતો, મુંબઈમાં પણ મોટા ભાગના શો લગભગ હાઉસફુલ સ્થિતિમાં હતા.

જો 'સૈયારા'ની કમાણીની વાત કરવામાં આવે તો તેણે માત્ર ભારતમાં જ નહીં પણ ગ્લોબલી કમાલ કરી બતાવી છે, પહેલાં અઠવાડિયે ભારતમાં લગભગ ૯૮ કરોડની કમાણી સાથે ગ્લોબલી ૨ મિલિયન ડોલરની કમાણી કરી છે. આમ રવિવાર સુધીમાં આ ફિલ્મે કુલ ૧૧૫ કરોડની કમાણી કરી લીધી છે.

ફિલ્મે શુક્રવારે ગ્લોબલી ૧.૨૫ મિલિયન ડોલર સાથે શરૂઆત કરી હતી, પરંતુ શનિવારે તે ૬૫૦ હજાર ડોલરમાં પહોંચી અને રવિવારે સામાન્ય રીતે ફિલ્મની આવકમાં ઘટાડો શરૂ થતો હોય છે, તેના બદલે સૈયારાની કમાણીમાં વધારો જ થયો છે. આ ફિલ્મ યુએસ અને ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા અને મિડલ ઈસ્ટ પણ સારી ચાલી છે.

જો ભારતમાં 'સૈયારા'ની કમાણીની વાત કરવામાં આવે તો અહાન પાડે અ અનીત પડ્ડાની આ ફિલ્મે પહેલા દિવસે ભારતમાં પહેલાં જ દિવસે ૨૧ કરોડની કમાણી કરી હતી. બીજા દિવસે ૨૦ ટકા વધારા સાથે ૨૫ કરોડની કમાણી કરી. રવિવારે તેની ગતિ ધીમી પડવાને બદલે તેણે શનિવાર કરતાં પણ વધારે આંકડા સાથે ૩૫થી ૩૬ કરોડની કમાણી કરી હતી. આમ પહેલું વીકેન્ડ ૮૧-૮૨ કરોડમાં પડ્યું છે. કોઈ ડેબ્યુ કરતાં કલાકારોની ફિલ્મને આ પ્રકારનો પ્રતિસાદ મળે એ ઘટના બોલિવૂડમાં ઐતિહાસિક માનવામાં આવી રહી છે. તેની પહેલાં આવેલી ફિલ્મોને પહેલાં દિવસે ૩ -૪ કરોડની કમાણી કરવામાં પણ ફાંફા પડી ગયાં હતાં. તેનાં કરતાં ૭ ગણી વધુ કમાણી સાથે શરૂઆત કરનારી આ ફિલ્મ સમજાવે છે કે બોક્સ ઓફિસ કેટલી અનિશ્ચિતતાભરી છે. આટલા જોરદાર વીકેન્ડ પછી સોમવાર અને મંગળવારના એડવાન્સ બૂકિંગ પણ મોટી સંખ્યામાં થઈ રહ્યાં છે. હવે 'સન ઓફ સરદાર ૨' પોસ્ટપોન થતાં આ ફિલ્મને લાંબો રન મળશે અને કુલ ૫૫૦ કરોડથી પણ વધુ કમાણી કરી લેશે તેની આશાઓ હાલ છે.




# 'સ્ક્રિપ્ટ-ડિરેક્ટર સારા હશે તો હિરો-હિરોઇનની કેમેસ્ટ્રી બની જ જશે'

### આદિત્ય રોય કપૂરે 'મેટ્રો ઇન દિનોં'માં સારા સાથે કેમેસ્ટ્રી સહિતના મુદ્દાઓ પર વાત કરી

આદિત્ય કપૂરની ઈમેજ વિવિધ રોલ કર્યા પછી પણ રોમેન્ટિક અને ચોકલેટી હિરોની છે, તેણે કેટલીક હિટ ફિલ્મ પણ આપી છે. તાજેતરમાં જ તેની 'લાઈફ ઈન અ મેટ્રો' આવી છે, જે ઘણી સારી ચાલી છે. ત્યારે એક ઈન્ટરવ્યુમાં તેણે બોક્સ ઓફિસના પ્રેશર, સારા સાથે કેમેસ્ટ્રી અને ઓટીટી માટે કામ કરવાના અનુભવો વિશે વાત કરી હતી. બોક્સ ઓફિસ પર ફિલ્મ સફળ રહેશે કે નિષ્ફળ તે અંગે વાત કરતા આદિત્યએ જણાવ્યું કે, "જ્યારે પણ કંઈ નવું થિએટરમાં આવે છે, તો દરેકની ઈચ્છા હોય કે એ સારું જ ચાલે. ફિલ્મ નાણાકિય બાબત છે, તેથી તેમાં સંકળાયેલાં દરેક વ્યક્તિ માટે આ ફિલ્મ સારી ચાલે એવી તમારી ઈચ્છા હોય. પરંતુ અંતે તો, તમારે જતું જ કરવું પડશે, ફિલ્મ ગમે તેવી ચાલે. એ સિવાય થિએટરમાં ફિલ્મ રિલીઝ થવાની હોય ત્યારે થોડી ગભરામણ અને અજબ ઉત્સુકતા હોય છે, જે ઓટીટીમાં રિલીઝ વખતે અનુભવાતી નથી. વેબ પર કંઈ આવવાનું હોય, ત્યારે તમે થોડા વધારે રિલેક્સ હોવ છો, એમાં મજા આવે છે, એટલે જ હું એ કરું છું."આદિત્યએ ઓટીટી પર 'લુડો' ૨૦૨૦માં અને 'ધ નાઈટ મેનેજર'ની બે સિઝન કરી ચે. તેને ઓટીટીનું માધ્યમ ગમે છે, પરંતુ થિએટરનું તેના દિલમાં અલગ સ્થાન છે. "તમારી ફિલ્મ થિએટરમાં રિલીઝ થાય એ એક અદ્દભુત બાબત છે, એવું થાય એ બહુ સારી વાત છે. અનારાગ દાદા સાથે ફરી કામ કરવમાં હું બહુ ખુશ હતો તેમની સાથે બીજી ફિલ્મ કરી. મેં એમની સાથે લુડો કરી પણ કશુંક અધુરું હોય એવું લાગતું હતું. મને લાગતું હતું કે હજુ ઘણુ શીખી શકાય એમ છે, તેથી એમણે જ્યારે મને આ ફિલ્મ અને આ પાત્ર વિશે વાત કરી તો હું ઘણો ઉત્સુક હતો અને બસ તરત જ એમના સેટ પર જવા માગતો હતો."આદિત્યએ આ પહેલાં શ્રદ્ધા સાથે આશિકી૨માં અને દિશા પટ્ટણી સાથે મલંગમાં રોમેન્ટિક રોલ કર્યો છે, હવે સારા અલી ખાન સાથે જોડી જમાવી છે. તેણે જણાવ્યું, "કેમેસ્ટ્રીની વાત આવે ત્યારે, મને નથી લાગતું કે બે લોકો માત્ર બેસીને તેના પર વાત કરીને પ્લાન કરી શકે, ચલો આપણે આ રીતે કેમિસ્ટ્રી બતાવીએ. એ કાંતો હશે અને કાં તો નહીં હોય. એ નક્કી કરવાનું કામ દર્શકોનું છે. સારી સ્ક્રિપ્ટ અને સારા ડિરેક્ટર હશે તો તમારામાંથી એ કેમેસ્ટ્રી પણ બહાર કાઢી જ લેશે."જ્યારે સારા સાથે કામ કરવા અંગે તેણે કહ્યું, "અમે એકબીજાને પહેલાં ઓળખતાં નહોતાં, અમે બસ એકબીજાને કાર્યક્રમોમાં કે એ રીતે મળ્યાં હતાં, તે એક ફિલ્મના સેટ પર કલાકો સુધી સાથે કામ કરવાથી ઘણી અલગ વાત છે. હું સારા વિશે બધું જ સેટ પર જાણી શક્યો છું. ખાસ તો પ્રમોશનમાં અમને બહુ મજા આવી કારણ કે એમાં ફિલ્મ કરતાં પણ એકબીજા સાથે વધુ સમય વિતાવતા હોઈએ છીએ. સેટ પર તો તમે હજુ પણ સીનની તૈયારીમાં હોવ છો, તમે ત્યાં જાઓ, મજા કરો અને કામ કરો. પરંતુ પ્રમોશન વખતે તમે એકબીજા અંગે વધુને વધુ જાણી શકો છો."

# વિક્રાંત મેસ્સીએ ફરહાન અખ્તરની 'ડોન 3' કેમ છોડી?

## વિક્રાંત 'ડોન 3'માં વિલનની ભૂમિકા કરવાનો હતો



તાજેતરમાં જ રિલીઝ થયેલી વિક્રાંત મેસ્સીની 'આંખો કી ગુસ્તાખિયાં'માં તેના અભિનયના ઘણા વખાણ થયા હતા. 'ડોન ૩'માં તેનો રોલ ઘણો મહત્વનો હતો, તે રણવીર સિંહની સામે વિલનનો રોલ કરવાનો હતો. દર્શકોને પણ એવી અપેક્ષા હતી કે ફરહાન અખ્તરની આ ફિલ્મમાં વિક્રાંત મેસ્સી અલગ સ્તર લઈ આવશે.

પરંતુ હવે એક નવો વળાંક આવ્યો છે, ઈન્ડસ્ટ્રીના અંગરના સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર વિક્રાંતે આ ફિલ્મ છોડવાનો ઘણો અઘરો નિર્ણય લીધો છે. આ ફિલ્મમાં તેનું પાત્ર એક સારી સારી વાતો કરીને છેતરપિંડી કરતા એક ઠગનું, અલગ અવતાર ધરાવતું, ઘણા એક્શન સીનમાં હિરો રણવીર સિંહ સાથે બાત ભીડતું પાત્ર હતું. વિક્રાંતના આ અણધાર્યા પગલાંથી ફરહાન અખ્તર અને તેની ટીમ વિમાસણમાં મુકાઈ ગઈ હતી, તેમણે તાત્કાલિક તેનો વિકલ્પ શોધવાની ફરજ પડી હતી, જે આ જટિલ પાત્રને પણ યોગ્ય ન્યાય કરી શકે.એવી પણ અફવાઓ છે કે ફિલ્મની ટીમે આ રોલ માટે વિજય દેવરકોંડા, આદિત્ય રોય કપૂર જેવા કલાકારોનો પણ સંપર્ક કર્યો હતો. જોકે, હજુ કોઈએ પણ આ અંગે કોઈ જ ખાતરીપૂર્ણ વાત કરી નથી, ઈન્ડસ્ટ્રીના ઘણા નિષ્ણાતો હાલ આતુરતાપૂર્વક આ સ્થિતિનું નિરાકરણ આવે એની રાહ જોઈ રહ્યાં છે. ફિલ્મ સાથે સંકળાયેલા એક સુત્રના જણાવ્યા અનુસાર, "વિક્રાંત આ પાત્ર બખુબી નિભાવી જાણેત, તેમાં શંકાને કોઈ સ્થાન નથી. અમને એવો પણ વિશ્વાસ છે કે વિક્રાંતને સમકક્ષ કોઈ પણ કલાકાર મળી જશે અને આ પડકાર ઝીલી લેશે."ફિલ્મનું શૂટિંગ જાન્યુઆરી ૨૦૨૬થી શરૂ થઈ રહ્યું છે અને ફરહાન અખ્તરનો સમય જઈ રહ્યો છે, તે આ પાત્ર માટે કોઈ પરફેક્ટ કલાકારની શોધમાં છે.

# પવન કલ્યાણ અને શ્રીલીલાની ટીમમાં જોડાઈ રાશિ ખન્ના

તેલુગુ સ્ટાર પવન કલ્યાણ આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પણ છે. રાજકીય સક્રિયતાની સાથે તેઓ ફિલ્મી કરિયર પર પણ ધ્યાન આપી રહ્યા છે. તેમની 'ઉસ્તાદ ભગત સિંઘ' લાંબા સમયથી અટવાયેલી છે. આ ફિલ્મનું કામ ફરી શરૂ કરવા પવન કલ્યાણે કમર કસી છે. તેમાં પવન કલ્યાણ સાથે લીડ રોલમાં કિસિક ગર્લ શ્રીલીલા અગાઉથી નક્કી હતી. હવે, સેકન્ડ લીડમાં રાશિ ખન્ના પણ ફાઈનલ થઈ હોવાનું જાણવા મળ્યું છે.

પવન કલ્યાણે તાજેતરમાં 'હારા વીરા મલ્લુ' અને 'ઁ'નું શૂટિંગ પૂરું કર્યું છે અને હવે તેમણે 'ઉસ્તાદ ભગતસિંઘ'નું કામ હાથ પર લીધું છે. લાંબા સમયથી અટવાયેલી આ ફિલ્મનું શૂટિંગ ઝડપી ગતિએ હૈદરાબાદ ખાતે ચાલી રહ્યું છે. ફિલ્મના સેટ પર પવન કલ્યાણની સાથે તેલુગુ સેન્સેશન તરીકે ઓળખાતી શ્રીલીલા પણ જોવા મળી છે.

સેટ પરથી મળેલી માહિતી મુજબ, પવન કલ્યાણ અને શ્રીલીલાની ટીમમાં રાશિ ખન્ના પણ હવે જોડાઈ ચૂકી છે. પોલીસ ઓફિસરની સ્ટોરી ધરાવતી આ ફિલ્મમાં રાશિ ખન્ના સેકન્ડ લીડ રોલ કરી રહી છે. રાશિએ છેલ્લી તેલુગુ ફિલ્મ ૨૦૨૨માં કરી હતી. બે વર્ષ બાદ તેને તેલુગુ ફિલ્મ મળી છે. મોટા બજેટ અને પવન કલ્યાણ જેવા સ્ટાર સાથે મળી રહેલી 'ઉસ્તાદ ભગત સિંઘ'ના કારણે રાશિને શાનદાર કમબેકની તક મળી છે. 'ઉસ્તાદ ભગત સિંઘ'ને મેગા કમર્શિયલ પ્રોજેક્ટ તરીકે ઓળખવામાં આવે છે.

રાશિએ હિન્દી ફિલ્મોમાં પગ જમાવવા ઘણાં પ્રયાસ કરી જોયાં છે. ઓટીટી પર પણ રાશિએ હાથ અજમાવ્યો છે. જો કે તેલુગુ ફિલ્મો જેવો રિસ્પોન્સ ક્યાંય ન મળ્યો હોવાથી રાશિએ ફોકસ બદલ્યું છે. 'ઉસ્તાદ ભગત સિંઘ' મળતા પહેલા રાશિએ 'થિરુચિત્રામબલ' અને 'સંગાથામિઝાન' જેવી તમિલ ફિલ્મોનું કામ શરૂ કરેલું છે. આ બંને ફિલ્મો ઓટીટી પર સ્ટ્રીમ થવાની છે, જો કે પવન કલ્યાણની ફિલ્મના કારણે રાશિ માટે ફરી એક વાર બિગ બજેટ ફિલ્મોના દરવાજા ખુલી શકે છે.

# મોહનલાલના ડિરેક્ટરે અજયની 'દૃશ્યમ'ને કેમ અટકાવી?

જે અજય દેવગનને કારણે 'દશ્યમ' લોકપ્રિય થઈ એ મૂળ મલયાલમ ફિલ્મની રીમેક હતી અને એ મલયાલમ ફિલ્મના હિરો મોહનલાલ હતા. એ વાત હવે સાઉથનું સિનેમા લોકપ્રિય થયા પછી લગભગ દરેક જાણે છે. આ લોકપ્રિય ફિલ્મના બે મલયાલન ભાગ પછી તેની બે હિન્દી રીમેક બની. પરંતુ ત્રીજી ફિલ્મ વખતે મલયાલમ ફિલ્મ સાથે મોહનલાલની ફિલ્મ હિન્દી ભાષામાં પણ ડબ કરીને રિલીઝ કરવાની જાહેરાત થઈ ત્યારે અજય દેવગનની ફિલ્મ સામે પણ સવાલ ખડા થઈ ગયા હતા. મોહનલાલની 'દશ્યમ ૩'ની જાહેરાત કરી એનાં થોડાં વખતમાં અજય દેવગનની 'દશ્યમ ૩'ની પણ જાહેરાત થઈ હતી. પછી બંને ફિલ્મ વચ્ચે ઘણી અસમંજસની સ્થિતિ હતી.

હવે ટૂંક સમયમાં બંને ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થવા જઈ રહ્યું છે, ત્યારે મલયાલમ ફિલ્મના ડિરેક્ટર જીતુ જોસેફે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેમણે કઈ રીતે અજય દેવગનની ફિલ્મનું શૂટિંગ તેમનાં પહેલાં શરૂ થતાં અટકાવ્યું.

મોહલાલ આજે દેશના લોકપ્રિય કલાકારોમાંના એક છે, તેમની દશ્યમ ફિલ્મ જેટલી ભાષાઓમાં રિમેક થઈ એમાં પણ ફિલ્મ સફળ રહી છે. જીતુ જોસેફે જ મલયાલમ ફિલ્મની બંને દશ્યમ ડિરેક્ટ કરી હતી અને ત્રીજી પણ એ જ કરવાના છે. જીતુ જોસેફે કહ્યું, "અમે શરૂઆતમાં આ બાબતે કોઈ નિર્ણય લીધો નહોતો. પહેલાં એવું આયોજન હતું કે હિન્દી ફિલ્મનું શૂટિંગ પહેલાં શરૂ થઈ જશે, પરંતુ કાયદાકીય લડતની ચમકી આપ્યા પછી એ લોકોએ પીછેહઠ કરી લીધી હતી."

મોહનલાલ અને જીતુ જોસેફ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે તેઓ ઓક્ટોબર ૨૦૨૫માં શૂટિંગ શરૂ થશે. આગળની બે ફિલ્મની જેમ આ ફિલ્મ પણ એન્ટોની પેરુમ્બવૂરનાં આશીર્વાદ સિનેમા દ્વારા પ્રોડ્યુસ થઈ રહી છે. ફિલ્મની ટીમ દ્વારા સોશિયલ મીડિયા પર આ અંગે જાહેરાત કરવામાં આવી હતી. જેના એક વીડિયોમાં મોહનલાલ, જીતુ જોસેફ અને પ્રોડ્યુસર ત્રણેય જોવા મળ્યા હતા.

# સિંઘમે મેદાન છોડ્યું? 'સન ઓફ સરદાર ૨' પોસ્ટપોન કરવી પડી

## 'સૈયારા'નો સપાટો, અજય દેવગનની ફિલ્મ ૨૫ જુલાઈના બદલે ૧ ઓગસ્ટે રિલીઝ થશે

ફિલ્મ જગતમાં લાંબા સમય બાદ આશ્ચર્યજનક ઉથલપાથલ સર્જાઈ છે અને તેનું કારણ નવોદિત જોડીની 'સૈયારા' છે. આ ફિલ્મે બે દિવસમાં જ રૂ.૪૮ કરોડનું કલેક્શન મેળવી લીધું છે. રૂ.૩૦ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે ખર્ચ સરભર કરવા ઉપરાંત ૬૦ ટકા પ્રોફિટ બૂક કરી લેતાં બોલિવૂડમાં સન્નાટો ફેલાઈ ગયો છે. સોશિયલ મીડિયાના આ જમાનામાં માઉથ પબ્લિસિટીના જોરે લોકપ્રિયતા હાસલ કરનારી આ ફિલ્મનો જાદુ દિવસે-દિવસે વધી રહ્યો છે. 'સૈયારા'ની આગેકૂચ વચ્ચે સિંઘમ એટલે કે અજય દેવગને પોતાની આગામી 'સન ઓફ સરદાર ૨'ને પોસ્ટપોન કરવાનો નિર્ણય લીધો છે.

'સન ઓફ સરદાર ૨'ને ૨૫ જુલાઈએ રિલીઝ કરવાનું આયોજન હતું, પરંતુ હવે તેની રિલીઝ ડેટ બદલીને ૧ ઓગસ્ટ કરી દેવાઈ છે. 'સન ઓફ સરદાર ૨'માં લીડ એક્ટર ઉપરાંત પ્રોડ્યુસર તરીકે પણ અજય દેવગન સંકળાયેલો છે. અજય દેવગન ફિલ્મસ દ્વારા તેની નવી રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં આ અંગે જાહેરાત કરતાં પ્રોડક્શન હાઉસે જણાવ્યું હતું કે, 'જસ્સી પાજી અને તેમની ટોળી ૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સિનેમામાં મળશે.' ૨૦૧૨માં રિલીઝ થયેલી 'સન ઓફ સરદાર'ની સીક્વલ તરીકે આ ફિલ્મ બની છે. તેમાં અજય દેવગનની સાથે મૃણાલ ઠાકુર અને વિન્દુ દારાસિંગ મહત્ત્વના રોલમાં છે. ફિલ્મમાં અજય દેવગન ઉપરાંત જ્યોતિ દેશપાંડે, એન આર પચિસિયા અને પ્રવિણ તલરેજા પણ પ્રોડ્યુસર તરીકે સંકળાયેલા છે.







અજય દેવગન અથવા પ્રોડક્શન હાઉસ તરફથી ફિલ્મનો પોસ્ટપોન કરવા માટે કોઈ કારણ અપાયું નથી. જો કે 'પબ્લિક સબ જાનતી હૈ'ની ઉક્તિને યથાર્થ ઠેરવતા સોશિયલ મીડિયા પર સંભવિત કારણોની ચર્ચા શરૂ થઈ ગઈ છે. મોટા ભાગના લોકોનું માનવું છે કે, ગત શુક્રવારે અહાન પાંડે અને અનિત પડ્ડાની 'સૈયારા' રિલીઝ થઈ હતી. તેને પહેલા દિવસે ૨૧.૨૧ કરોડનું કલેક્શન ડોમેસ્ટિક બોક્સઓફિસ પર મળ્યુ હતું. આ ફિલ્મમાં ન્યૂકમર્સ લીડ રોલમાં હોવા છતાં ઓડિયન્સે તેમને ભરપૂર પ્રેમ આપ્યો છે.

'સૈયારા'એ રિલીઝના બીજા દિવસે રૂ.૪૮ કરોડનું કલેક્શન મેળવીને મક્કમ આગેકૂચનું એલાન કરી દીધું છે. આ સ્થિતિમાં 'સન ઓફ સરદાર ૨' પોસ્ટપોન કરવાના નિર્ણયને મોટા ભાગના સોશિયલ મીડિયા યુઝર્સ સૈયારા ઈફેક્ટ માને છે.

# કમ્બોજ ભારત માટે ઝહીર અને જસપ્રિત બુમરાહ જેટલો જ સક્ષમ છેઃ અશ્વિન





ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર અને મહાન સ્પિનર રવિચંદ્રન અશ્વિનનું માનવું છે કે ભારતીય ટીમમાં સામેલ કરાયેલો ઝડપી બોલર અંશુલ કમ્બોજ અલગ પ્રકારનો જ ઝડપી બોલર છે અને જસપ્રિત બુમરાહ તથા ઝહીર ખાનની કક્ષાનો બોલર છે. તે આ બંને મહાન બોલર જેટલો જ સક્ષમ પુરવાર થઈ શકે છે. અશ્વિને જણાવ્યું હતું કે બુમરાહ કે ઝહીર માત્ર કૌશલ્ય જ ધરાવતા નથી પરંતુ તેમનામાં ટીમના પ્લાન વિશે સારી સમજૂતી અને વધારાના પ્રયાસ કરીને યોગદાન આપવાની ક્ષમતા પણ છે જે કમ્બોજમાં જોવા મળે છે.

હાલમાં ઈંગ્લેન્ડનો પ્રવાસ કરી રહેલી ભારતીય ક્રિકેટ ટીમમાં નિતિશ કુમાર રેડ્ડી ઘાયલ થયો અને આકાશ દીપ તથા અર્શદીપ પણ ઘાયલ હોવાથી અંશુલ કમ્બોજને ટીમમાં સામેલ કરાયો છે. બુધવારથી માન્ચેસ્ટર ખાતે શરૂ થઈ રહેલી ચોથી ટેસ્ટમાં તેને તક મળે તેવી સંભાવના છે.

એક યૂટ્યૂબ ચેનલને આપેલી મુલાકાતમાં રવિચંદ્રન અશ્વિને જણાવ્યું હતું કે અંશુલ માટેની પ્રશંસનીય બાબત એ છે કે તે ટીમના પ્લાનને સારી રીતે સમજી શકે છે. મેં એવા ઘણા બોલર જોયા છે જેમને આપણે પૂછીએ કે તમે ટીમના પ્લાન અંગે શું જાણો છો તો તેમનો જવાબ હોય છે કે તેઓ પોતાની રીતે પ્રદર્શન કરવા માગે છે અને રમતને સારી રીતે માણવા માગે છે.

પણ, કમ્બોજ આ પ્રકારના પ્લાનને સારી રીતે સમજી શકે છે અને તેને મેચ દરમિયાન કેવી રીતે અમલી બનાવવો તે અંગે પણ સમજશક્તિ ધરાવે છે. ઘણા ઝડપી બોલર આ બાબતને સમજી શકતા નથી. ઝહીર ખાન અને બુમરાહમાં આ પ્રકારની કાબેલિયત છે અને તેથી જ તેઓ મહાન બની શક્યા છે. કમ્બોજ આ સ્તરનો બોલર છે તેમ અશ્વિને ઉમેર્યું હતું.

અશ્વિને વધુમાં જણાવ્યું હતું કે તાજેતરના સમયમાં જસપ્રિત બુમરાહ આ કમાલ કરી રહ્યો છે અને તેથી તે મહાન બોલર બન્યો છે. તે ટીમના પ્લાનને સારી રીતે અમલી બનાવી શકે છે. આ ઉપરાંત તે ટીમને સફળતા અપાવવામાં પણ મહત્વનું યોગદાન આપી રહ્યો છે. અશુલ સાથે હું આ બોલરની સરખામણી કરી રહ્યો નથી પરંતુ તેનામાં અસામાન્ય ક્ષમતા રહેલી છે.

# ઇજાગ્રસ્તોથી પરેશાન ભારત આજે ચોથી ટેસ્ટમાં ઇંગ્લેન્ડ સામે રમશે

ઈજાગ્રસ્તોથી પરેશાન ભારતીય ક્રિકેટ ટીમે કદાચ તેની અગાઉની યોજનાઓમાં ધરખમ ફેરફાર કરવા પડે કેમ કે ફરીથી ફોર્મમાં આવી ગયેલી ઈંગ્લેન્ડની ટીમ સામે બુધવારથી તેને અહીંના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ચોથી ક્રિકેટ ટેસ્ટમાં રમવાનું છે. આ ટેસ્ટ ભારત માટે અત્યંત મહત્વની છે કેમ કે હાલમાં ૧-૨ના સ્કોરથી પાછળ રહેલી શુભમન ગિલની ટીમને સિરીઝ જીવંત રાખવા અહીં જીતવું જરૂરી છે. બુધવારે બપોરે ૩.૩૦ કલાકથી ટેસ્ટનો પ્રારંભ થશે.

લીડ્ઝ ખાતેની પ્રથમ ટેસ્ટમાં ભારતે ત્રણ ઓલરાઉન્ડરને સામેલ કરીને એક ટીમ સેટ કરી દીધી હતી જેમાં સામેલ નિતિશ કુમાર રેડ્ડી અત્યારે ઘાયલ છે અને વર્તમાન સિરીઝમાંથી બહાર થઈ ગયો છે.

ભારતે લીડ્ઝ ટેસ્ટ જીતી હતી પરંતુ ત્યાર બાદ એજબસ્ટન અને લોર્ડ્ઝમાં તેનો પરાજય થયો હતો. આમ હાલમાં સિરીઝમાં ૧-૨ના સ્કોરથી તે ઈંગ્લેન્ડ કરતાં પાછળ છે. હવે માન્ચેસ્ટરમાં તેણે જીતવું જરૂરી છે. આમ થશે તો ઓવલ ખાતે રમાનારી પાંચમી અને અંતિમ ટેસ્ટ નિર્ણાયક બની શકે છે. આ દરમિયાન ઈંગ્લેન્ડે પણ સારું ફોર્મ દાખવ્યું છે અને સતત બે ટેસ્ટ જીતીને તેણે અચાનક જ સિરીઝનો સિનારિયો બદલી નાખ્યો છે. પહેલી બે ટેસ્ટમાં શાનદાર બેટિંગ કરનારી ભારતીય ટીમ અત્યારે બેકફૂટ પર આવી ગઈ છે. આ બે ટેસ્ટમાં ૬૦૦ ઉપરાંત રન કરનારો કેપ્ટન ગિલ પણ ત્રીજી ટેસ્ટમાં નિષ્ફળ રહ્યો હતો.

આમ ચોથી ટેસ્ટમાં ગિલ પાસેથી પણ ભારત મોટી ઈનિંગ્સની અપેક્ષા રાખશે. ભારતની ચિંતાનો વિષય મિડલ ઓર્ડરમાં કરુણ નાયર છે. ૨૦૨૪-૨૫ની ડોમેસ્ટિક સિઝનમાં રનના ઢગલાં ખડકનારો નાયર આ સિરીઝમાં હજી સુધી અપેક્ષાને અનુરૂપ પ્રદર્શન કરી શક્યો નથી. રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરના રૂપમાં ભારત પાસે બે સ્પિન બોલિંગ ઓલરાઉન્ડર છે જેમાં જાડેજા હાલમાં બેટિંગમાં સારું ફોર્મ ધરાવે છે. આ બંનેની હાજરીથી ભારતની બેટિંગ કમસે કમ આઠમા ક્રમ સુધી લંબાઈ શકે છે પરંતુ માન્ચેસ્ટરમાં સાવચેતી દાખવવી પડશે કેમ કે ઓલ્ડ ટ્રેફોર્ડના મેદાન પર ભારત હજી સુધી ટેસ્ટ જીતી શક્યું નથી. આ મેદાન પર તે નવ ટેસ્ટ રમ્યું છે જેમાંથી ચારમાં તેનો પરાજય થયો છે તો પાંચ મેચ ડ્રો રહી છે. આ પાંચમાંથી કેટલીક મેચમાં હવામાનને કારણે પરિણામ આવી શક્યું ન હતું. જોકે માન્ચેસ્ટર ખાતે ભારત ૨૦૧૪ પછી પહેલી વાર ટેસ્ટ મેચ રમી રહ્યું છે.

બુધવારે ભારતીય ઈલેવન જાહેર થશે તેમાં ઝડપી બોલર શાર્દુલ ઠાકુરની સીધી પસંદગી થઈ શકે છે કેમ કે રેડ્ડી આ





મેચમાં રમવાનો નથી. આ સિવાય અર્શદીપ અને આકાશદીપની ફિટનેસ હજી પણ ટીમ મેનેજમેન્ટ સામે સમસ્યા છે.

ભારત પાસે ઉપલબ્ધ વિકલ્પની વાત કરીએ તો તે લીડ્ઝ ટેસ્ટની ટીમ અહીં ઉતારે તેવી શક્યતા છે. જેમાં એક માત્ર સ્પિનર રવીન્દ્ર જાડેજા હતો. આમ થાય તો કરુણ નાયર અને સાઈ સુદર્શન સહિત ભારત પાસે છ ક્રમ સુધી જ બેટ્સમેન રહેશે. જોકે તેના બોલિંગ આક્રમણમાં બુમરાહ ઉમેરાશે કેમ કે તે આ મેચમાં રમવાનો છે. તેનો અર્થ એ પણ થયો કે પાંચમી ટેસ્ટ નિર્ણાયક બની રહે તો તેમાં બુમરાહ નહીં હોય કેમ કે ટીમની પૂર્વ યોજના મુજબ બુમરાહ પાંચમાંથી બે ટેસ્ટ રમવાનો નથી. બુમરાહ લીડ્ઝ અને લોર્ડ્ઝમાં રમ્યો હતો પરંતુ એજબસ્ટન ટેસ્ટમાં રમ્યો ન હતો જેમાંથી વિજય હાંસલ કરીને ઈંગ્લેન્ડે ફોર્મ મેળવ્યું હતું.

હવે ભારત આ મેચમાં બુમરાહને સ્થાન આપે તો બની શકે છે કે ટીમમાં હમણાં જ સામેલ કરાયેલા અંશુલ કમ્બોજને આ મેચમાં નહીં પરંતુ ઓવલ ટેસ્ટમાં તક આપવામાં આવે. આ ઉપરાંત રેડ્ડીને બદલે બુધવારે તેને સામેલ કરાય તો શાર્દુલ ઠાકુર બહાર રહેશે. આકાશદીપ હજી પૂરો ફિટ નથી ત્યારે તેને સ્થાને પણ કમ્બોજને તક મળી શકે છે.

# બુમરાહે સંપૂર્ણ યોગદાન આપે અથવા આરામ કરેઃ ઇરફાન

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર ઇરફાન પઠાણે સ્ટાર બોલર જસપ્રિત બુમરાહને સ્પષ્ટ સલાહ આપી છે કે બુમરાહે ભારતીય ટીમ માટે સંપૂર્ણ યોગદાન આપવું જોઈએ અથવા તો પસંદગીની મેચોમાં જ રમવાને બદલે પર્યાપ્ત આરામ કરવો જોઈએ.

હાલમાં વર્કલોડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખીને ભારતીય ટેસ્ટ ટીમમાં બુમરાહને તમામ મેચ રમવાની તક અપાતી નથી. ઈંગ્લેન્ડ સામેની વર્તમાન સિરીઝમાં તેને પાંચ ટેસ્ટમાંથી ત્રણ ટેસ્ટમાં રમવાની જ મંજૂરી મળી છે. જેમાં તે બે ટેસ્ટ રમી ચૂક્યો છે. હવે બાકી રહેલી બેમાંથી તે એક ટેસ્ટમાં રમવાનો છે. તેનો અર્થ એ થયો કે અત્યારે ભારતને બાકીની બે મેચમાં જીતવું જરૂરી છે ત્યારે તેને એક મેચમાં બુમરાહ વિના રમવું પડશે.



ભારત માટે મહત્વની ટેસ્ટ શરૂ થાય તે અગાઉ ઇરફાન પઠાણે બુમરાહના અપ્રતિમ કૌશલ્યની પ્રશંસા કરી હતી પરંતુ સાથે સાથે તેણે આ બોલરને પરિસ્થિતિ અનુરૂપ વધારાના પ્રયાસ કરીને ટીમમાં યોગદાન આપવાની વિનંતી કરી છે.

તેણે જણાવ્યું હતું કે હું જસપ્રિત બુમરાહની ભરપુર પ્રશંસા કરું છું. તેની બોલિંગ મને ખૂબ પસંદ છે. તે અસામાન્ય છે. જોકે તેમ છતાં મારું માનવું છે કે જ્યારે તમે ભારત માટે રમતા હો ત્યારે તમારૈ સંપૂર્ણ યોગદાન આપવું જોઈએ.

તમે જ્યારે પાંચ ઓવરનો સ્પેલ ફેંકવાની વાત કરતા હો અને જો રૂટ જેવો બેટર રમવા આવે ત્યારે તમે તમારી છઠ્ઠી ઓવર ફેંકી શકો નહીં તો તેનો અર્થ રહેતો નથી. આ માટે તમારે તમારું સંપૂર્ણ યોગદાન આપવું જરૂરી છે. આથી તમારે કાં તો સંપૂર્ણ યોગદાન આપવું જોઈએ અથવા તો પૂરતો આરામ કરી લેવો જોઈએ તેમ ઈરફાન પઠાણે ઉમેર્યું હતું.

ભારતના આ ભૂતપૂર્વ ઝડપી બોલર અને ટેસ્ટ ક્રિકેટમાં હેટ્રિક લઈ ચૂકેલા ઈરફાને જણાવ્યું હતું કે જ્યારે દેશ કે ટીમ માટે રમવાનું આવે છે ત્યારે તમારે તેમના માટે જ રમવું જોઈએ. તમારા માટે ટીમ પ્રથમ પ્રાથમિકતા રહેવી જોઈએ.

ભારતીય ટીમના ઈંગ્લેન્ડના પ્રવાસમાં બુમરાહને પાંચમાંથી ત્રણ ટેસ્ટમાં તક આપવાની યોજના હતી ત્યારે હવે તે બેમાંથી એક મેચ રમી શકશે. તેવામાં લોર્ડ્ઝ ખાતે ત્રીજી ટેસ્ટમાં ટીમનો પરાજય થતાં હવે માન્ચેસ્ટરમાં બુધવારથી શરૂ થતી ચોથી ટેસ્ટમાં બુમરાહને સ્થાન આપવું ભારત માટે લગભગ ફરજિયાત બની ગયું છે. આ સંજોગોમાં ભારતને ઓવલમાં રમાનારી પાંચમી ટેસ્ટમાં જરૂર હશે તો પણ તે બુમરાહને રમાડી શકશે નહીં.

જોકે ઈરફાને એવી પણ સ્પષ્ટતા કરી હતી કે બુમરાહને આવી સલાહ આપવા પાછળ એ આશય નથી કે તે ટીમ માટે પ્રતિબદ્ધ નથી. એવો સવાલ નથી કરતો કે તે ટીમમાં યોગદાન આપવા પ્રયાસ કરતો નથી પરંતુ નિર્ધારિત કરી હોય તેનાથી વધારે બોલિંગ કરવાની આવે ત્યારે તમારે ટીમ સાથે રહેવું જોઈએ.

# ત્રિકોણીય સિરીઝમાં સાઉથ આફ્રિકા સામે ન્યૂઝીલેન્ડનો વિજય



ટીમ સેફર્ટે શાનદાર અણનમ અડધી સદી ફટકારતાં ન્યૂઝીલેન્ડે અહીં રમાઈ રહેલી ત્રિકોણીય ટી૨૦ સિરીઝમાં સાઉથ આફ્રિકા સામે સાત વિકેટે વિજય હાંસલ કર્યો હતો. સેફર્ટને મેન ઓફ ધ મેચ જાહેર કરાયો હતો. સાઉથ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરીને ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૩૪ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેની સામે ન્યૂઝીલેન્ડે ૧૫.૫ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને ટારગેટ વટાવી દીધો હતો.

આ સાથે આ ટુર્નામેન્ટમાં કિવિ ટીમે સાઉથ આફ્રિકાને બીજી વખત હરાવ્યું છે અને છ પોઈન્ટ સાથે શનિવારે રમાનારી ફાઈનલ માટે પોતાનું સ્થાન વધારે મજબૂત કર્યું હતું. સાઉથ આફ્રિકાએ આઠ વિકેટે ૧૩૪ રન નોંધાવ્યા હતા. ન્યૂઝીલેન્ડે ૧૫.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૩૫ રન કર્યા હતા. યજમાન ઝિમ્બાબ્વે તથા ન્યૂઝીલેન્ડ વચ્ચે ગુરુવારે સિરીઝની અંતિમ લીગ મેચ હરારે ખાતે જ રમાશે. ઓપનર ડેવોન કોનવે (૧૯) અને સેફર્ટે પહેલી વિકેટ માટે ૫૧ રન ઉમેરીને ન્યૂઝીલેન્ડ માટે આક્રમક પ્રારંભ કર્યો હતો. સેફર્ટે ૪૯ બોલમાં છ ચોગ્ગા અને બે સિક્સરની મદદથી અણનમ ૬૬ તથા ડેરેલ મિચેલે ૧૫ બોલમાં ૨૦ રન ફટકાર્યા હતા. સાઉથ આફ્રિકાની ઈનિંગ્સમાં મુખ્ય યોગદાન રેઝા હેન્ડ્રિક્સના ૩૭ બોલમાં ૪૧ રનનું રહ્યું હતું. ઈનિંગ્સના અંત ભાગમાં લિન્ડેએ ૨૩ રન ફટકારીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી. કિવિ ટીમ માટે જેકોબ ડફી, એડમ મિલ્ને અને મિચેલ સેન્ટનરે બે બે વિકેટ લીધી હતી.

# લક્ષ્ય સેન પ્રથમ રાઉન્ડમાંથી આઉટ, પ્રણોયની આગેકૂચ

ભારતીય શટલર એચ એસ પ્રણોયે પાંચ મેચ પોઈન્ટ બચાવીને તથા એક ગેમમાં પાછળ રહ્યા બાદ વળતી લડત આપીને જાપાનના કોકી વતાનબેને હરાવીને ચાઈના ઓપન સુપર બેડમિન્ટન ટુર્નામેન્ટના બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. જોકે ભારતનો લક્ષ્ય સેન વધુ એક વખત પ્રથમ અવરોધને પાર કરવામાં નિષ્ફળ રહ્યો હતો અને પ્રથમ રાઉન્ડમાંથી જ આઉટ થઈ ગયો હતો.

વિશ્વના ૩૫મા ક્રમાંકિત પ્રણોયે ૧૮મા ક્રમાંકિત વતાનબે સામે ૮-૨૧, ૨૧-૧૬, ૨૩-૨૧ના સ્કોરથી વિજય હાંસલ કર્યો હતો. આમ લક્ષ્ય સેનનું ખરાબ પ્રદર્શન જારી રહ્યું હતું. તેને સારી શરૂઆત કર્યા બાદ ચીનના પાંચમા ક્રમાંકિત લી શી ફેંગ સામે ૨૧-૧૪, ૨૨-૨૪, ૧૧-૨૧ના સ્કોરથી પરાજયનો સામનો કરવો પડયો હતો.

એચ એસ પ્રણોય પ્રથમ ગેમમાં રિધમ વિનાનો જણાતો હતો પરંતુ બીજી ગેમમાં તેણે વળતો પ્રહાર કરીને મેચને સરભર કરી દીધી હતી. ત્રીજી અને નિર્ણાયક ગેમ રોમાંચક બની હતી અને એક સમયે ભારતીય શટલર ૨-૧૧ના સ્કોરથી પાછળ હતો પરંતુ તેણે સતત પાંચ પોઈન્ટ હાંસલ કરીને સ્કોરનું અંતર ઓછું કર્યું હતું.ત્યારબાદ ૧૫-૨૦ના સ્કોર સાથે જાપાનીઝ ખેલાડી પાંચ પોઈન્ટ આગળ હતો. ભારતીય શટલરે તમામ મેચ પોઈન્ટ બચાવીને ૨૧-૨૦ના સ્કોર સાથે નજીવી સરસી હાંસલ કરી લીધી હતી અને અંતે યાદગાર વિજય હાંસલ કરી લીધો હતો.




દરમિયાન વિમેન્સ સિંગલ્સમાં અનુપમા ઉપાધ્યાય પ્રથમ રાઉન્ડમાં જ ચાઈનીઝ તાઈપેઈની લિન સિયાંગ સામે ૨૩-૧૧, ૧૧-૨૧, ૧૦-૨૧ના સ્કોરથી હારી ગઈ હતી. મિક્સ ડબલ્સમાં પણ ભારતને નિષ્ફળતા મળી હતી.



# હરમનપ્રીત કૌરે રચ્યો ઈતિહાસ, ઈંગ્લેન્ડમાં હાંસલ કરી મોટી સિદ્ધિ

ભારતીય કેપ્ટન હરમનપ્રીત કૌરે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડેમાં ઈતિહાસ રચ્યો છે. હરમનપ્રીત હવે મહિલા વનડે ક્રિકેટમાં ૪,૦૦૦ રનનો આંકડો પાર કરનારી ત્રીજી ભારતીય ક્રિકેટર બની ગઈ છે.તેના પહેલા ફક્ત મિતાલી રાજ અને સ્મૃતિ મંધાનાએ આ સિદ્ધિ મેળવી હતી. હરમનપ્રીત કૌરે તેના કરિયરની ૧૪૯મી વનડે મેચમાં આ સિદ્ધિ હાંસલ કરી છે. તે મહિલા વનડે ક્રિકેટમાં ત્રીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી પણ છે.હરમનપ્રીત કૌરે ૧૨૯ ઈનિંગ્સમાં ૪,૦૦૦ રન પૂરા કર્યા. ૪,૦૦૦ વનડે રન પૂરા કરનારી સૌથી ઝડપી ભારતીય મહિલા ખેલાડી સ્મૃતિ મંધાના છે, જેને માત્ર ૯૫ ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી હતી. હરમનપ્રીતે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી વનડેમાં ૧૦૨ રનની શાનદાર ઈનિંગ્સ રમી હતી.કેપ્ટન હરમનપ્રીત કૌરે ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ODI મેચમાં વધુ એક મોટી સિદ્ધિ મેળવી છે. આ મેચમાં તેણે પોતાના ODI કરિયરની ૭મી સદી ફટકારી, તેણે ૮૨ બોલમાં પોતાની સદી પૂરી કરી. આ સાથે તે મહિલા ODI ક્રિકેટમાં ભારત માટે સદી ફટકારનારી બીજી સૌથી ઝડપી ક્રિકેટર બની ગઈ છે. તેણે ૨૦૨૪માં દક્ષિણ આફ્રિકા સામે ૮૫ બોલમાં સદી પૂરી કરી હતી. હવે તેણે પોતાનો જ રેકોર્ડ તોડ્યો છે.

# વર્લ્ડ યુનિ. ગેમ્સ બેડમિન્ટનમાં ભારતે પહેલી વાર મેડલ જીત્યો



ભારતીય બેડમિન્ટન ટીમે FISU વર્લ્ડ યુનિવર્સિટી ગેમ્સમાં બેડમિન્ટનની મિક્સ્ડ ટીમ ઈવેન્ટમાં ઐતિહાસિક બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. આ અગાઉ ટીમે ક્યારેય મેડલ જીત્યો ન હતો. ભારતીય ટીમને સેમિફાઈનલમાં ચાઈનીઝ તાઈપેઈ સામે ૧-૩થી પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આમ ભારતને બ્રોન્ઝ મેડલથી સંતુષ્ટ રહેવું પડ્યું હતું.

આ મેચમાં દેવિકા સિહાગે જ ભારત તરફથી એક માત્ર જીત મેળવી હતી. ભારતીય ટીમમાં ગુજરાતની સ્ટાર શટલર તસ્નીમ મિર પણ સામેલ હતી. આ ચેમ્પિયનશિપમાં ભારતે રાઉન્ડ ઓફ ૧૬માં અમેરિકાને ૩-૧થી મહાત આપી હતી. ત્યાર બાદ ભારતીય ટીમે ક્વાર્ટર ફાઈનલમાં મલેશિયાને ૩-૨થી હરાવ્યું હતું. આમ તેણે સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. જેમાં તસ્નીમે ડબલ્સમાં વર્શિની સાથે જોડી બનાવી મલેશિયન જોડીને હરાવી હતી. ભારતીય ટીમમાં તસ્નીમ મિર ઉપરાંત સતિશ કુમાર કરાકરણ, સાનિથ દયાનંદ, દેવિકા સિહાગ, અને વૈષ્ણવી ખાડેકર પણ સામેલ હતા.

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

બુધવાર, તા.૨૩ જુલાઈ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫

## સુરતને ધમરોળતા ખાડીપૂરના નિરાકરણ માટેની કમિટીએ ગાંધીનગરમાં ધામા નાખ્યાં

### મહેસુલ મંત્રી સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે સુરત ભાજપ પ્રમુખ પરેશ પટેલ સહિત મેયર, કમિશનર અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલ સાથે બેઠક ચાલુ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

સુરત શહેરને ધમરોળતા ખાડીપૂરના નિરાકરણ માટે બનેલી કમિટીએ આજે ગાંધીનગર ખાતે ધામા નાખ્યા છે અને મહેસુલ મંત્રી સહિત ઉચ્ચ અધિકારીઓ સાથે હાલ બેઠક ચાલી રહી હોવાનું જાણવા મળ્યું છે. આ બેઠકમાં સુરતના ભાજપ પ્રમુખ પરેશ પટેલ, મેયર દક્ષેશ માવાણી, કમિશનર શાલિની અગ્રવાલ અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલ હોવાનું જાણવા મળ્યું છે.

તાજેતરમાં ખાડીપૂરે ફરીથી સુરતના અડધા ઉપરનો વિસ્તારમાં તારાજી વેરતા લોકોમાં ભારે રોષ વ્યાપી જતા તંત્ર દોડતું થઈ ગયું હતું અને સુરતને ખાડીપૂરથી બચાવવા માટે ખાડીપૂર નિવારણ કમિટી બનાવવામાં આવી હતી. મનપા કમિ. શાલિની અગ્રવાલના અધ્યક્ષસ્થાને બનેલી આ કમિટીએ સમયાંતરે બેઠક યોજી ખાડીપૂરના દબાણનો સિંચાઈ વિભાગ દ્વારા સર્વે કરાયો હતો. ખાડીપૂરના નિવારણ અંગે આ કમિટીએ તૈયાર કરેલા પ્રાથમિક રિપોર્ટની ચર્ચા કરવા માટે કમિટીના અધ્યક્ષ શાલિની અગ્રવાલ, મેયર દક્ષેશ માવાણી, ભાજપ પ્રમુખ પરેશ પટેલ અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલે આજે બપોરે ૧૨ વાગ્યે મહેસુલ મંત્રી અને મહેસુલ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક શરૂ કરી હતી. અને ખાડીપૂરના નિવારણ અંગે સરકાર તરફથી જરૂરિયાત મુજબની મદદની રજુઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

## આર્થિક તંગીને કારણે પાંડેસરાના યુવકે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

### પાંડેસરા અંબિકાનગરમાં રહેતો મહેશ ગુપ્તાએ જીવન ટૂંકાવ્યું

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

પાંડેસરા ખાતે એક યુવકે પોતાના રૂમમાં ફાંસો ખાઈ આત્મા હત્યા કરી લીધી હતી. આ યુવકે નાણાકીય તંગીના કારણે પગલું ભર્યું હોવાનું પોલીસએ અનુમાન લગાવ્યું છે

મૂળ યુપીના મિરઝાપુર જિલ્લાના કિલ તાલુકાના તીલથી ગામના વતની અને હાલ પાંડેસરા કૈલાશ ચોકડી પાસે અંબિકા નગરમાં રહેતો મહેશ શ્યામ બલી ગુપ્તા મજુરી કામ કરી પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. ગઈકાલે મહેશે પોતાના રૂમમાં ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી હતી પાંડેસરા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધે વધુ તપાસ એ એસ આઇ શૈલેન્દ્રભાઈ કરી રહ્યા છે પોલીસ તપાસમાં મહેશએ નાણાકીય તંગીના કારણે પગલું ભર્યું હોવાનું પોલીસે શક્યતા વ્યક્ત કરી હતી. તેમજ પોલીસે મૂળ ચોક્કસ કારણ જાણવા પણ તપાસ શરૂ કરી હતી.

## સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદનો ધમધમાટ

### સુરત શહેરમા ધીમીધારે વરસતો વરસાદ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

વરસાદની આગાહી વચ્ચે ગઈકાલે સવારે મેઘરાજાએ બે કલાક સુધી ધબધબાટી બોલાવ્યા બાદ ફરીથી વિરામ લીધો છે ત્યારે મોડી રાત્રિથી આજે સવાર સુધી વરસાદે વિરામ લીધો હતો. અમુક વિસ્તારોને બાદ કરતા શહેરમાં છુટો છવાયો વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગ દ્વારા આગામી ૨૫ જુલાઈ સુધી હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે ત્યારે સુરત શહેર જિલ્લામાં છુટો છવાયો વરસાદ પડી રહ્યો છે. દ.ગુજરાતમાં પણ મેઘરાજા ધીમી ગતિએ વરસી રહ્યા છે.

સવારના સમયે સુરત શહેર જિલ્લામાં મેઘરાજાએ છુટો છવાયો વરસાદ વરસાવ્યા બાદ બપોર થતા ફરીથી વિરામ લીધો હતો. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૨૫ જુલાઈ સુધી હળવોથી મધ્યમ વરસાદ સુરત ઉપરાંત નવસારી, વલસાડ, સહિતના દ.ગુજરાતના જિલ્લાઓમાં પડી શકે છે જોકે મેઘરાજા હાથ તાળી આપી રહ્યા હોય તેમ છુટો છવાયો વરસાદ પડી રહ્યો છે. આજે સવારના સમયે પણ વાદળોની જમાવટ વચ્ચે જોરદાર વરસાદી ઝાંપટા પડ્યા હતા. જોકે બપોર થતા જ ઉઘાડ નિકળ્યો હતો.

સુરત શહેર જિલ્લામાં મેઘરાજાની ગતિ ધીમી પડી છે ત્યારે આજે સવારે છુટા છવાયા વરસાદી ઝાંપટા બાદ વાદળ છવાયા વાતાવરણ વચ્ચે મેઘરાજા ધીમા પડ્યા હતા. ઓલપાડ તાલુકામાં ૯ મીમી, માંગરોળમાં ૨૫, માંડવીમાં ૨૦, પલસાણામાં ૨૫ જયારે બારડોલીમાં ૨૩ મીમી વરસાદ નોંધાયો હતો. જિલ્લાના મહુવા તાલુકામાં સૌથી વધુ પોણા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો.

દરમિયાન નવસારીમાં વિતેલા ૨૪ કલાકમાં ચાર ઈંચ, જયારે જલાલપોરમાં વધુ પાંચ ઈંચ વરસાદ નોંધાયો છે. જયારે ગણદેવીમાં બે ઈંચ પાણી વરસ્યું હતું. વાંસદામાં ૧૨ મીમી અને ખેરગામમાં ૫ મીમી વરસાદ પડ્યો હતો. વલસાડમાં ૫ મીમી, ધરમપુર ૧ મીમી, પારડીમાં ૧૦ મીમી, ઉમરગામમાં ૨૬ મીમી, વાપીમાં ૨૫ મીમી વરસાદ પડ્યો હતો. તાપી જિલ્લાના ઉચ્છલમાં ૧૭ મીમી, સોનગઢમાં ૧૭ મીમી, વ્યારામાં ૧ ઈંચ જયારે વાલોડમાં ૨ ઈંચ અને ડોલવણમાં પણ ૨ ઈંચ વરસાદ વરસ્યો હતો. આ ઉપરાંત આહવામાં ૧૩ મીમી, સાપુતારામાં ૭ મીમી, વઘઈ ૮ મીમી અને ખેરગામમાં ૫ મીમી વરસાદ વરસ્યો હતો. ઉકાઈ ડેમની સપાટી એક સપ્તાહથી ૩૨૫ ફુટની નજીક નજીક સ્થિર રહી છે. આજે સવારે ૧૦ કલાકે ઉકાઈની સપાટી ૩૨૫.૭૪ ફુટ નોંધાઈ હતી. ડેમમાં ૮૦૦ ક્યુસેક પાણીની આવક સામે એટલું જ પાણી તાપી નદીમાં છોડવામાં આવી રહ્યું છે.

## વડોદરાના શાહ પિતા-પુત્રે રોકાણના નામે જરી વેપારી પરિવારનું કરી નાંખ્યું

### અંદાજે ૫૦ લાખથી વધુની ઠગાઈ : અનેક લોકોના રૂપિયા ફસાયાની શક્યતાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

ગોપીપુરા વિસ્તારમાં રહેતા જરીના વેપારીના સાળાને તેમજ તેના ભાઈ અને માતા પાસે વડોદરાના શાહ પિતા પુત્રોએ બોમ્બે સ્ટોક એક્ષચેન્જના શેર બ્રોકર હોવાની ઓળખ આપી લાખો રૂપીયાનું રોકાણ કરાવડાવી ૫૦ લાખના હિસાબ સામે માત્ર ૯.૫૪ લાખનો હિસાબ બતાવી વળતર નહીં ચુકવી છેતરપિંડી કરી હોવાની ફરીયાદ ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી.


ઉમરા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ગોપીપુરા ચંદુલાલ માસ્ટરની શેર ખાતે રહેતા મોન્ટુ કંચનલાલ જરીવાલા ઉ.વ.૪૧ જરીના વેપારી છે. દરમિયાન સને ૨૦૧૧ના સમયગાળામાં વડોદરા આર.વી.દેસાઈ રોડ ખાતે રહેતા અંકીત હસમુખ શાહ, અમિત હસમુખ શાહ અને હસમુખ શાહ સાથે ફરીયાદી મોન્ટુ જરીવાલાના સાળા શૈલેષ નટવરલાલ રાણા તેમજ તેનો ભાઈ સાથે પરીચય થયો હતો.

શાહ પિતા પુત્રોએ શૈલેષને પોતે શેર બ્રોકર હોવાની ઓળખ આપીને અત્યાર સુધીના સમયગાળામાં શેરબજારમાં રોકાણ કરવાથી સારો ફાયદો થશે અને યોગ્ય વળતર મળશે તેમ કહી ટુકડે ટુકડે કરીને કુલ રૂ.૫૦ લાખનું રોકાણ કરાવડાવ્યું હતું. જેની સામે ૯ લાખનો હિસાબ બતાવી રકમ પરત કરી ન હતી. તેમજ હિસાબ માંગતા સને ૨૦૧૨માં હસમુખ શાહે રૂ.૧.૭૦ લાખની એફડીની રશીદો પણ લઈ જઈ કોઈ હિસાબ આપ્યો ન હતો. અંતે આ મામલે શૈલેષભાઈના બનેવી મોન્ટુ જરીવાળા દ્વારા ગઈકાલે ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.



ભાઠેના મિલેનિયમ માર્કેટની પાછળના ભાગે વરસાદી પાણી સહિત ગંદકીના ઢગલાઓ નજરે પડે છે. સ્થાનિક કક્ષાએ સાફ સફાઈના અભાવને કારણે પારાવાર ગંદકીમાં લોકોએ આવન જાવન કરવી પડે છે. (તસવીર : હનીફ મલેક)

## મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર ફરીથી ટ્રાફિકજામની પરોજણ



## આંજણા શિવ ટાઉનશીપની દુકાનમાં જ્વલંતશીલ પદાર્થ નાંખી સળગાવી

### સીસીટીવી ફૂટેજના આધારે બે શકમંદની શોધ કરતી ઉધના પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

ભાઠેના આંજણા વિસ્તારમાં આવેલી શીવ ટાઉનશીપના ગ્રાઉન્ડ ફલોરની એક દુકાનમાં ચાર થી પાંચ જણાએ પ્રવેશ કરી જઈ દુકાનનું શટર તોડી જ્વલંતશીલ પદાર્થ નાંખી આગ લગાડી દીધી હતી. જેમાં દુકાનનમાં રાખેલા લેપટોપ અને પ્રિન્ટર સહિતની ચીજ-વસ્તુઓ સળગી ગઈ હતી. રૂ.૧૪ લાખનું નુકશાન કરનાર આરોપી પૈકી એક આરોપી સીસીટીવીમાં દેખાતો હોય પોલીસે તેને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. ફરીયાદમાં એવો પણ ઉલ્લેખ કરાયો છે કે, ક્રિષ્નકાંત યાદવ નામનો એક શકમંદ પણ આ બનાવમાં સામેલ હોય શકે છે.

ઉધના પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ડિંડોલી ફાયર સ્ટેશનની પાસે અંબીકાપાર્ક સોસાયટી ખાતે રહેતો અમોલ ભગવાન પગાર ઉ.વ.૩૫ વેપારી છે. દરમિયાન તેમની ભાઠેના આંજણા ખાતે આવેલી શીવ ટાઉનશીપના પ્લોટ નં.૪૧ના ગ્રાઉન્ડ ફલોરની દુકાનમાં ગઈકાલે એક શકમંદ ક્રિષ્નકાંત યાદવ તથા સત્યમ સહિત ચાર થી પાંચ જણાએ દુકાનનું શટર તોડી અંદર પ્રવેશ કરી આગ લગાડી દીધી હતી. જેમાં લેપટોપ તેમજ અલગ-અલગ પાર્સલો અને પ્રિન્ટર બળી ગયા હતા. રૂ.૧૪.૬૫ લાખની મત્તાને નુકશાન થવા અંગે ઉધના પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

## લિંબાયતમા ચોકબજારના ભંગારના વેપારીને લૂંટી લેવાયો

### હોર્ન વગાડવા બાબતે ત્રણ ટપોરીએ આંતરી ચપ્પુ બનાવી લૂંટી લીધો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

ચોકબજાર રાણી તળાવ વિસ્તારમાં રહેતા ભંગારના વેપારીને લિંબાયત સરદાર નગરની સામે હોર્ન વગાડવા બાબતે ધાક ધમકી આપી ત્રણ ટપોરીઓએ માર મારી ચપ્પુ બતાવી બળજબરીથી રૂ.૩ હજાર કઢાવી લીધા હતા. ટપોરીઓ રસ્તામાં અડચણરૂપ થાય તે રીતે વાહનો પાર્ક કરીને બેઠા હતા ત્યારે ભંગારના વેપારીએ હોર્ન મારીને તેમને સાઈડ ઉપર હટવા કહેતા માથાકૂટ થઈ હતી. આ મામલે ભોગબનનાર વેપારીએ લિંબાયત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

ચોકબજાર રાણીતળાવ ખાતે હકીમ ચીચી ફાર્મશી પાસે રહેતો રફીકખાન સફીખાન પઠાણ ઉ.વ.૪૦ ભંગારનો વેપાર કરે છે. દરમિયાન પાંચેક દિવસ પહેલા રફીકખાન પઠાણ લિંબાયત સરદાર નગર ગલી નં.૩ની સામે કરીયાણાની દુકાન પાસેથી પસાર થતા હતા ત્યારે સ્થાનિક વાજીદ ઉર્ફે ચિયો ઐયુબ મલેક તેના મિત્ર સમીર અને દિપક સાથે બેઠો હતો. રસ્તામાં અડચણરૂપ થાય તે રીતે ત્રણેય જણા બેઠા હોય રફીકખાને હોર્ન વગાડી બાઈક હટાવવાનું કહેતા વાજીદ ચિયાએ તુ મને ઓળખે છે, હું આ વિસ્તારનો બાપ છું તારી હિમત કેમ થઈ આવી રીતે મારી સામે બાઈકનો હોર્ન વગાડવાની તેમ કહી ચપ્પુ બતાવી ઢીક મુક્કીનો માર મારીને રૂ.૩ હજાર બળજબરીથી કઢાવી લીધો હતો.

## વડોદરા નજીક જાંબુવા બ્રિજ પર વરસાદી ખાડાને કારણે છેક ભરૂચ સુધી ટ્રાફિકજામની સમસ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, ભરૂચ, તા.૨૩**

વડોદરા શહેર નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર આવેલા જાંબુવાબ્રિજ પર ફરી એકવાર ખાડા પડવાના કારણે ૧૫ કિમી લાંબો ટ્રાફિકજામ સર્જાયો છે. ગઈકાલ રાતથી શરૂ થયેલા આ ટ્રાફિકજામની લંબાઈ આશરે ૧૫ કિલોમીટર સુધી પહોંચી ગઈ છે, જેના કારણે વાહનચાલકો છેલ્લા બે કલાકથી વધુ સમયથી ફસાયેલા છે. આ ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ પણ અટવાઈ છે. વરણામાથી લઈને તરસાલીથી આગળ સુધી વાહનોની લાંબી કતારો લાગી છે અને લોકો આ રોજિંદી માથાના દુખાવા સમાન સમસ્યાથી ત્રાહિ મામ્ પોકારી ઊઠ્યા છે. વારંવાર ખાડા પૂરવાની કામગીરી છતાં વરસાદને કારણે ફરી ખાડા પડી જતા હોવાથી આ સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ આવતું નથી, જેના પગલે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જાંબુવા બ્રિજ પાસે આવેલા જાંબુવા નદી પરના સાંકડા બ્રિજ પર બાઈક લઈને પહોંચી શકાય તેમ નહોતું, કારણકે અહી ભારે ટ્રાફિકજામ હતો. જ્યાં મોટા મોટા ખાડા પડી ગયેલા જોવા મળ્યા હતા. જેને કારણે વાહનો ખૂબ ધીમી ગતિએ ચાલતા હતા. જેના કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો.

બીજી તરફ હાઈવે પર આવતી એમ્બ્યુલન્સો પણ એક-એક કલાક સુધી ટ્રાફિક જામમાં ફસાયેલી જોવા મળી. જેના કારણે લોકોના જીવ પણ જોખમમાં મુકાઈ શકે છે. આ ઉપરાંત જાંબુવા નદી પરના સાંકડા બ્રિજ પર લોકો જીવના જોખમે ચાલવાના નાના રસ્તા પર વાહનો ચલાવતા જોવા મળ્યા હતા.

અહીં કોઈ ટ્રાફિક પોલીસ દેખાતી નથી. પોલીસે યોગ્ય કામગીરી કરવી જોઈએ અને લોકોને ટ્રાફિક જામમાંથી મુક્તિ આપવી જોઈએ.

## ડીંડોલીમાં ચોથા માળેથી પટકાતા યુવક મોત નિપજ્યું

### વોલપેપરનુ માપ લેવા જતી વેળા ઘટના બની

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

ડિંડોલીમાં વોલપેપર માટે માપ લેવા ચડેલા રૂસ્તમપુરાના યુવકનું ચોથા માળેથી પટકાતાં મોત નિપજ્યું હતું. મૂળ ઉત્તરપ્રદેશના વતની હાસિમ અબુ તાલીમ અબ્દુલ સત્તાર (૨૯ વર્ષ) હાલ રુસ્તમપુરા વિસ્તારમાં આવેલ આફરીન પેલેસમાં એક સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો. હાસિમ અબુ વોલપેપરનું કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતો હતો. સોમવારે સાંજે હાસિમ અબુ તેના અન્ય સાથીમિત્રો સાથે ડિંડોલી ઉમા પ્લાઝાના ચોથા માળે વોલપેપર માટેનું માપ લેવા માટે ચડ્યો હતો. તે સમયે તે બાલ્કનીના ભાગેથી નીચે પટકાયો હતો. જેથી તેને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## બુટલેગર સહિત બે જણાંની પાસા હેઠળ ધરપકડ કરતી એલસીબી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

સુરત જિલ્લામાં બુટલેગર સહિત બે આરોપીની પાસા હેઠળ એલસીબી ગ્રામ્ય પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

સુરત ગ્રામ્ય જિલ્લામા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે જિલ્લામા અસમાજીક ઈસમોની ગેરકાયદેસર પ્રવૃતિને નાથવા માટે તેઓના વિરુધ્ધ અસરકારક કાર્યવાહી કરવા જિલ્લા પોલીસ તે કામ કરી રહી છે.

ખાસ કરીને જિલ્લા એલસીબીના પીઆઈ આર બી ભટોળ અને તેમની ટીમ આવા અસામાજિક તત્વો ઉપર નજર રાખી રહ્યા છે દરમિયાન બે શખ્સો વિરુદ્ધ જિલ્લા પોલીસ દ્વારા પાસા હેઠળની અલગ અલગ દરખાસ્તની કાર્યવાહી કરાવવામા આવી હતી.

જેમાં પોલીસે પલસાણા વિસ્તારમા ગેરકાયદેસર વિદેશીદારૂની પ્રવૃતિ કરનાર મિહિર મુકેશભાઈ ઉર્ફે ગુલીયો પરમાર (રહે.કારેલી તા.પલસાણા ) વિરુધ્ધ પાસા હેઠળ ની કાર્યવાહી કરવામાં આવી હતી. તદુપરાંત ઝંખવાવ વિસ્તારમાથી માથાભારે ઈસમ જીતલાલ બનવારી લાલ યાદવ વિરુધ્ધમા ‘‘ભયજનક વ્યક્તિ’’ તરીકે દરખાસ્ત તૈયાર કરી તેની વિરુદ્ધ પણ ભાષા હેઠળ કાર્યવાહી કરી અટકાયતમાં કરવામાં આવી હતી.

## શ્રમજીવી દિકરીને પ્રેમજાળમા ફસાવી પ્રેમીનો બળાત્કાર

### પાંડેસરા પોલીસે પોક્સો એક્ટ અન્વયે ગુનો દર્જ કર્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૨૩**

પાંડેસરા ખાતે રહેતી શ્રમજીવી પરિવારની સગીર દીકરીને પ્રેમ જાળમાં ફસાવી બિહાર ભગાડીને લઈ જઈ દુષ્કર્મ આચરનાર યુવક સામે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પાંડેસરા ખાતે શ્રમજીવી પરિવાર રહે છે આ શ્રમજીવી પરિવારમાં એક સગીર દીકરી છે. મૂળ બિહાર પટના રામાચક ગામના વતની સાહિલ પ્રજાપતિએ આ સગીર કિશોરીને તેણી સગીર હોય છતાં તેણીની સાથે પ્રેમ સંબંધ કેળવ્યો હતો એટલું જ નહી સગીરાને લગ્નની લાલચ પણ આપી હતી અને ગત ૧૬ જુલાઈએ પોતાની સાથે સગીરાને ભગાડી ગયો હતો. સાહિલ સગીરાને પોતાના ગામ લઈ ગયો હતો. સગીર હોવા છતાં સગીરા સાથે સાહિલ શારીરિક સંબંધો બાંધ્યા હતા.આ અંગે સગીરાના પરિવારે પાંડેસરા પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ સગીરા મળી આવી હતી. પોલીસે સગીરાની માતાએ નોંધાયેલી ફરિયાદ મુજબ આરોપી સાહિલ સામે અપહરણ, દુષ્કર્મ અને પોક્સોનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.



ચોમાસાની ઋતુમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીનું બજેટ ખોરવાય જાય છે. ચોમાસાની ઋતુમાં બજારમાં ભરપુર કંકોડા આવ્યા છે. પરંતુ આ કંકોડા શાકબાજીનો ભાવ અંદાજે ૩૦૦ રૂપિયા પ્રતિ કિલો વેચાઈ રહ્યું છે. (તસવીર : હનીફ મલેક)